सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | તારીખ: ૦૯/૦૧/૨૦૨૨ | | |
| રજિસ્ટર તારીખ | તારીખ :૦૯/૦૧/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | તારીખ:૨૬/૧૧/૨૦૨૪ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૨** | **૧૦** | **૧૭** |

આંક:–

| | |
|---|---|
| IN THE COURT OF<br>6 th Additional District & Session Judge Ahmedabad (Rural),<br>Navrangpura Ahmedabad.<br><br>Date of The judgment : 26/11/2024<br><br>Case No. **SESSIONS CASE NO.155/2021**<br>**( C.C.NO. 1223/2022)**<br><br>Details of F.I.R /Crime and Police Station :<br><br>સાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૨૦૫૦૨૨૦૧૨૫/૨૦૨૨<br>ઈ.પી.કો.કલમ– ૩૦૨, તથા જી.પી.એ.ક. ૧૩૫(૧) મુજબ. | |
| Complainant | સ્ટેટ ઓફ ગુજરાત |
| REPRESENTED BY | **વિ.એ.પી.પી. શ્રી આર.પી. ઠાકર.** |
| ACCUSED | **મહેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ ઉર્ફેપરચુરણ સોમાભાઈ સોલંકી ( સેનવા)ઉ.વ. ૪૧.**<br>હાલ રહે. નિધરાડ ગામના રેલ્વે ફાટક પાસે આવેલ ખુલ્લા ખેતરમાં, મુળ રહે. પીપળ, રામનગર, તા.સાણંદ, જી. અમદાવાદ |
| REPRESENTED BY | **વિ.વ. શ્રી આર.પી. પટેલ.** |

| | |
|---|---|
| Date of Offence | તા: ૧૨/૦૩/૨૦૨૨ |
| Date of F.I.R | તા: ૧૪/૦૩/૨૦૨૨ |
| Date of Chargesheet | તા: ૨૪/૦૫/૨૦૨૨ |
| Date of Framing of Charges | તા: ૧૭/૦૮/૨૦૨૨ |
| Date of commencement of evidence | તા:૦૫/૧૧/૨૦૨૨ |
| Date of which judgement is reserved | તા: ૨૬/૧૧/૨૦૨૪ |

| | |
|---|---|
| Date of the Judgement | તા: ૨૬/૧૧/૨૦૨૪ |
| Date of the Sentencing Order, if any | |

## Accused Details.

| Rank of the accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Under gone durring Trial for purpose of section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મહેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ ઉર્ફેપરચુરણ સોમાભાઈ સોલંકી ( સેનવા) ઉ.વ. ૪૧, હાલ રહે. નિધરાડ ગામના રેલ્વે ફાટક પાસે આવેલ ખુલ્લા ખેતરમાં, મુળ રહે. પીપળ, રામનગર, તા.સાણંદ, જી. અમદાવાદ | તા: ૧૫/૦૩/ ૨૦૨૨ | U.T.P | સાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૨૦ ૫૦૨૨૦૧૨૫/૨૦૨૨ ઈ.પી.કો.કલમ– ૩૦૨, તથા જી.પી.એ.ક. ૧૩૫ (૧) મુજબ. | Acquitted | -- | -- |

## LIST OF PROSECUTION / DEFFENCE/ COURT WITNESSES

### A. Prosecution.

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, ECPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|
| PW 1 | જગદીશભાઈ ગોવાજી ડાભીની સોંગદપરની જુબાની આંક– ૧૦ | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ નં.૧ |
| PW 2 | વિજય બાબુભાઈ ચૌહાણની સોંગદપરની જુબાની આંક– ૧૨ | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ નં.૨ |
| PW 3 | કનકસિંહ ગંભીરસિંહ વાઘેલાની સોંગદપરની જુબાની આંક– ૧૪ | આંક–૧૫ થી કપડા કબજે કર્યાના પંચનામાના પંચ નં. ૨ તથા આંક–૧૬ થી આરોપીએ કોઈ જગ્યા બતાવી તે જગ્યાએ કોઈ ચવજવસ્તુ કાઢી આપતા તે પંચનામાની વિગતે કબજે કરેલના પંચ નં.૨ |
| PW 4 | ભરતભાઈ ચીમનલાલ ઠક્કરની સોંગદપરની જુબાની આંક– ૧૮ | આંક–૧૫ થી કપડા કબજે કર્યાના પંચનામાના પંચ નં. ૧ તથા આંક–૧૬ થી આરોપીએ કોઈ જગ્યા બતાવી તે જગ્યાએ કોઈ ચવજવસ્તુ કાઢી આપતા તે પંચનામાની વિગતે કબજે કરેલના પંચ નં.૧ |
| PW5 | કુલદીપસિંહ રામસીંહ સોઢાની સોંગદપરની જુબાની.આંક– ૨૦ | સાહેદ |
| PW6 | અનોપસિંહ ધીરુભા રાઠોડની સોંગદપરની જુબાની આંક– ૨૧ | આરોપીની શરીર સ્થિતિનુ આંક– ૨૨ થી પંચનામુ કરેલ તે પંચનામાના પંચ નં. ૧ |
| PW7 | ધર્મેશ ઉદેસીંગ ઠાકોરની સોંગદપરની જુબાની. આંક– ૨૩ | સાહેદ |
| PW8 | સંજયભાઈ કાળુભાઈ ડાભીની સોંગદપરની જુબાની. આંક– ૨૬ | સાહેદ |
| PW9 | સંજયભાઈ ઉર્ફે મુન્ના દીલીપભાઈ ડાભીની સોંગદપરની જુબાની આંક–૨૫ | સાહેદ |
| PW10 | અરવિંદભાઈ કાળુભાઈ મણાજીની સોંગદપરની જુબાની. આંક– ૨૭ | સાહેદ |

| | | |
|---|---|---|
| PW11 | કાળુ ધનાભાઈ ડાભીની સોંગદપરની જુબાની આંક– ૨૮ | સાહેદ |
| PW12 | મહેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ ઝાલાની સોંગદપરની જુબાની આંક– ૨૯ | પોલીસ સબ ઈન્સપેક્ટર |
| PW13 | કૈલાશબેન દોલજીભાઈની સોંગદપરની જુબાની આંક– ૩૨ | પોલીસ હેડ કોન્સટેબલ |
| PW14 | પ્રણવ ઉપેન્દ્રભાઈ બારોટની સોંગદપરની જુબાની. આંક–૩૭ | નાયબ મામલતદાર |
| PW15 | પિયુષ રામજીભાઈ સુવેરાની સોંગદપરની જુબાની આંક– ૪૦ | નાયબ મામલતદાર કચેરી ખાતે કામ કરતા કર્મચારી. |
| PW16 | શૈલેષભાઈ ચીનુભાઈની સોંગદપરની જુબાની આંક– ૪૨ | આરોપીની શરીર સ્થિતિનુ આંક– ૨૨ થી પંચનામુ કરેલ તે પંચનામાના પંચ નં. ૨ |
| PW17 | જનકભાઈ રતાજી ડાભીની સોંગદપરની જુબાની આંક– ૪૩ | પી.એમ. કર્યા અંગેના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ નં.૧ |
| PW18 | ભરતભાઈ કનુભાઈ ડાભીની સોંગદપરની જુબાની. આંક–૪૫ | સાહેદ. |
| PW19 | ડોકટર શરદકુમાર અંબાલાલ રાવલની સોંગદપરની જુબાની આંક– ૪૭ | પી.એમ. કરનાર ડોકટર . |
| PW20 | કલીબેન અજીતભાઈ ઠાકોરની સોંગદપરની જુબાની આંક– ૪૯ | પી.એમ. કર્યા અંગેના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ નં.૨ |
| PW21 | હસમુખભાઈ બચુભાઈ ગોહિલની સોંગદપરની જુબાની. આંક–૫૪ | પોલીસ સબ ઈન્સપેક્ટર |
| PW22 | વિરેન્દ્રસિંહ દિલીપસિંહ મંડોરાની સોંગદપરની જુબાની આંક– ૫૭ | પોલીસ ઈન્સપેક્ટર |

## LIST OF PROSECUTION /DEFFENCE / COURT EXIHIBITS.

### A. Prosecution.

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1. | Exihibit P-011/ PW1 | બનાવવાળી જગ્યાનું પંચનામુ. |
| 2. | Exihibit P-015-16 /PW2 | કપડા કબજે કરેલાનું પંચનામુ તથા આરોપીએ શોધી આપેલ ચીજવસ્તુ કબજે કરેલ તેનું પંચનામું. |
| 3. | Exihibit P-22/PW6 | આરોપીની શરીર સ્થિતિનું પંચનામુ. |
| 4. | Exihibit P-30/PW12 | પોલીસ રુબરુમાં આપવામાં આવેલી ફરિયાદ. |
| 5. | Exihibit P-33/PW13 | સ્ટેશન ડાયરીની નકલ. |
| 6. | Exihibit P-34/PW13 | કુલ–૩ પેજમા કાગળો આગળની તપાસ માટે મોકલી આપેલ છે તે. |
| 7. | Exihibit P-38/PW14 | ગુનાવાળી જગ્યાનો નકશો. |
| 8. | Exihibit P-40/PW15 | જાહેરનામુ. |
| 9. | Exihibit P-44/PW17 | પી.એમ. કર્યા અંગેના ઈન્કવેસ્ટ પંચનામુ. |
| 10. | Exihibit P-48/PW19 | પી.એમ. નોટ. |
| 11. | Exihibit P-55/PW21 | રવાનગી નોંધ. |
| 12. | Exihibit P-58/PW22 | એફ.એસ.એલ. રવાનગી નોંધ. |
| 13 | Exihibit P-59-63 /PW22 | એફ.એસ.અલ.ની પહોંચ |
| 14. | Exihibit P-64/PW22 | ફોરવર્ડીંગ લેટર |
| 15. | Exihibit P-65/PW22 | એફ.એસ.એલ.નો અહેવાલ. |
| 16. | Exihibit P-66/PW22 | ફોરવર્ડીંગ લેટર સાથેનો અહેવાલ. |
| 17. | Exihibit P-67/PW22 | એફ.એસ.એલનો ફોરવડીગ લેટર |
| 18. | Exihibit P-68/PW22 | સીરોલોજીકલ અહેવાલ. |
| 19. | Exihibit P-69-72 /PW22 | પંચ સ્લીપો કુલ–૫ |

### D. Material Objects.

District & Sessions Court Ahmedabad Rural
सत्यमेव जयते

| Sr. No. | Material Number | Description |
|---|---|---|
| 1. | MO 1 | **મુ.પા. નં.UD/0022/2022/MP/0001** માં જણાવ્યા મુજબ... |
| 2. | MO2 | **મુ.પા. નં.UD/0022/2022/MP/0002** માં જણાવ્યા મુજબ... |

## – : : ચુકાદો : : –

(૧).. ફરિયાદ પક્ષના કેસની ટૂંકી વિગત એવી છે કે , આ કામના ફરિયાદી મહેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ ઝાલા પોલીસ સબ ઈન્સપેકટર નોકરી સાણંદ પોલીસ સ્ટેશન જિ. અમદાવાદનાઓએ સરકાર તરફે હાલની ફરિયાદ તા:૧૪/ ૦૩/૨૦૨૨ ના રોજ સાણંદ પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રીએચ.બી. ગામીતનાઓ રુબરુમાં ફરિયાદ હકીકત લખાવતા જણાવેલ છે કે,સાંણદ પોલીસ સ્ટેશન અ.મોત નં. ૧૧/૨૦૨૨ સી.આર.પી.સી. કલમ– ૧૭૪ મુજબની તપાસ તેઓ કરતા હતા. જે તપાસ દરમ્યાન મોજે નિધરાડ ગામની સીમ રેલ્વે સ્ટેશન નજીક આવેલ ખુલ્લા ખેતરમાં તારીખ: ૧૩/૦૩/૨૦૨૨ના કલાક– ૧૪/૦૦ વાગ્યા પહેલાં કોઈપણ સમયે આઈશા નામની ઉ.વ. ૩૦ ના આશરાની એક સ્ત્રી કોઈપણ કારણસર મરણ ગયેલ હાલતમાં મળી આવેલ હોય જે તપાસના કામે ખાનગી રાહે જાણવા મળેલ કે સદર મરણ જનાર સ્ત્રી મહેન્દ્ર નામના વ્યકિત સાથે અવાર નવાર જોવા મળેલ અને બંને જણા ઉપરોકત જણાવેલ જગ્યાએ સાથે રહેતા હોવાની હકીકત જાણવા મળેલ અને તે આધારે મહેન્દ્ર નામના ઈસમની તપાસ તજવીજ કરતા તે મળી આવતા પુછપરછ કરતા તેનુ નામ મહેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ ઉર્ફેપરચુરણ સોમાભાઈ સોલંકી (સેનવા)ઉ.વ. ૪૧, હાલ રહે. નિધરાડ ગામના રેલ્વે ફાટક પાસે આવેલ ખુલ્લા ખેતરમાં, મુળ રહે. પીપળ, રામનગર, તા.સાણંદ, જી. અમદાવાદનો હોવાનુ જણાવેલ અને સદર મરણ જનાર સદર સ્ત્રી બાબતે પુછતાં જણાવેલ કે આઈશા તથા તેનો દિકરો પપ્પુ

ઉ.વ. આ. ૩૫ વર્ષનો મહેન્દ્રને ત્રણેક વર્ષ પહેલાં આણંદ ખાતે મળેલ અને ત્યાં પંદેરક દિવસ તેઓ સાથે રહેલા અને તે બાદ આઈશા તથા તેનો દિકરો અને મહેન્દ્ર સાણંદ ખાતે આવતા રહેલા. અને સાણંદ નિધરાડ ખાતે અલગ અલગ જગ્યાએ રહેતા હતા. અને હાલમાં છેલ્લાં છ એક મહીનાથી નિધરાડ રેલ્વે ફાટક તરફના રોડની બાજુમાં આવેલ ખુલ્લા ખેતરોમાં તેઓ બંને જણા પતિ પત્ની તરીકે રહેતા હતા. અને તેઓ પોતે સાણંદ ખાતે મજુરી કામ કરતો હતો અને આઈશા તેના દિકરા સાથે રેલ્વે ફાટક નજીક તેમજ આજુ બાજુના ગામડામાં ભીક્ષાવૃત્તી કરતી હતી અને તેઓનું ગુજરાન ચલાવતા હતા.

વધુમાં તેઓએ ફરિયાદ હકીકત લખાવતા જણાવેલ છે કે, તારીખ: ૧૨/૦૩/૨૦૨૨ ના રોજસાંજના આશરે સાડા ત્રણેક વાગેના સુમારે જમી પરવારી તેઓ બંને જણા રાતના સાડા આઠેક વાગે બેઠા હતા તે વખતે મહેન્દ્રના પેટના આગળના ભાગે ડાઘા પડેલ જે બાબતે આઈશા અને મહેન્દ્ર બંને વચ્ચે બોલાચાલી ઝઘડો થતા મહેન્દ્રએ આઈશાના મોઢા ઉપર મુકકો મારી ગડદાપાટુનો માર મારી ખાટલા ઉપર મચ્છરદાની બાંધવા સારુ લાવેલ લાકડામાંથી એક બાજુનુ લાકડુ કાઢી આઈશાના માથાના ભાગે માર મારતા ઈજા થયેલ જે બાબતે સાણંદ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે મરણ જનાર આઈશાનુ પી.એમ કરાવતા ડોકટરના પ્રાથમીક અભિપ્રાય મુજબ મરણ જનાર આઈશાના માથાના અંદરના ભાગે ગંભીર ઈજા થતા મરણ ગયેલ હોવાનુ જણાવતા હોય આમ સદર મહેન્દ્રભાઈ મહેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ ઉર્ફે પરચુરણ સોમાભાઈ સોલંકી ( સેનવા) એ આઈશાના માથાના ભાગે તથા હાથે પગે તેમજ શરીરમાં આડેધડ લાકડાથી માર મારી ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવેલ હોય તેઓની વિરુધ્ધ કાયદેસર થવા તેઓની ફરિયાદ છે.

આમ, ઉપરોકત ફરિયાદીની ફરિયાદ આધારે પોલીસે સાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૨૦૫૦૨૨૦૧૨૫/૨૦૨૨ ઈ.પી.કો.કલમ– ૩૦૨, તથા જી.પી.એ.ક. ૧૩૫(૧) મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરેલ હતો.

(૨).. સદરહુ ગુનાના કામે પોલીસે આરોપીની તા: ૧૫/૦૩/૨૦૨૨ ના રોજ ધરપકડ કરી મે.જયુ. મેજી.ફ.ક.શ્રી ની સમક્ષ રજુ કરતા કસ્ટડીમાં લેવામાં આવેલા હતા અને ત્યારથી તેઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોય અને જામીન મુકત થયેલ ના હોય જેથી તેઓની સામેની ટ્રાયલ **યુ.ટી.પી.** તરીકે ચલાવવામાં આવેલ છે.

(૩).. સદરહુ ગુનાની પોલીસ તપાસ પૂર્ણ થતા પોલીસે આરોપી વિરુધ્ધ સદરહુ ગુનાનું ચાર્જશીટ મે. જયુ.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં તા: ૨૪/૦૫/૨૦૨૨ ના રોજ રજુ કર્યુ હતુ અને તે મેજી. કોર્ટમાં ક્રિમીનલ કેસ નંબર: ૧૨૨૩/૨૦૨૨ થી રજીસ્ટર્ડ થયેલ. મે. જયુ. મેજી.ફ. ક. શ્રીએ આવશ્યક કાર્યવાહી કર્યા બાદ આક્ષેપીત ગુનો છે તે સેશન્સ ટ્રાયેબલ ગુનો હોય અને મેજી. કોર્ટને આક્ષેપીત ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા પહોંચતી ના હોય જેથી સદર કેસ સી. આર.પી.સી. ની ક:૨૦૯ અન્વયે તા: ૨૬/૦૫/૨૦૨૨ નારોજ કમીટ કરી અત્રે સેશન્સમાં ટ્રાયલ માટે મોકલી આપેલ હતો અને અત્રે સેશન્સ કેસ નંબર: ૧૫૫/૨૦૨૨ તા: ૦૯/૦૧/૨૦૨૨ થી નોંધણી થઈ આગળની કાર્યવાહી માટે આ અદાલતને ફાળવી આપવામાં આવ્યો હતો.

(૪).. આરોપી અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થતા આરોપી વિરુધ્ધ સદરહુ ગુના અંગે આંક–૦૬ તા:૧૭/૦૮/૨૦૨૨ થી તહોમતનામુ ફરમાવવામાં આવતા અને આરોપીના આંક–૦૭ તા:૧૭/૦૮/૨૦૨૨ ના જવાબ અનુસાર ગુનો

કર્યાની ઈન્કારી કરી તેમની સામેના આક્ષેપીત ગુના ઈ.પી.કો.કલમ– ૩૦૨, તથા જી.પી.એ.ક. ૧૩૫(૧)મુજબની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરી હતી, તેથી સદરહુ કેસ આગળ ચલાવવામાં આવેલ છે. સદરહુ કેસના સમર્થન માટે ફરિયાદ પક્ષ તરફથી ઉપરોકત પ્રફોર્મામા દર્શાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

(૫).. ઉપરોકત પુરાવા બાદ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયેલો છે તેમ પુરાવા બંધની પુરસીસથી જાહેર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન તા: ૨૬/૧૧/૨૦૨૪ નારોજ નોંધવામાં આવેલ છે જે દરમ્યાનમાં આરોપી એ ફરિયાદ પક્ષનો પુરાવો ખોટો હોવાનુ અને તેઓ તદ્દન નિર્દોષ હોવાનું જણાવે છે. પોલીસે તેની સામે ખોટુ ચાર્જશીટ કરેલ છે.તેમજ બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા અને તેઓની સામે ખોટા પુરાવા ઉભા કરવામાં આવેલા છે.

(૬).. ત્યાર બાદ વિ. એ.પી.પી.શ્રીની મૌખિક રજુઆતો સાંભળી તથા આરોપી તરફે તેઓના વિ.વ. શ્રીની રજુઆતો સાંભળી.

(૬.૧).. આ કામે સરકારી વકીલશ્રી આર.પી. ઠાકરનાએ રજુઆત કરેલી છે કે,આ કામમાં ફરિયાદી કે જેઓ પોલીસ અમલદાર છે.તેઓએ ફરિયાદને સુસંગત હકીકત જણાવેલ છે. આ સિવાય અન્ય તપાસવામાં આવેલા સાહેદ સંજયભાઈ કાળુભાઈ ડાભી આંક– ૨૬ સાહેદ નં. ૦૮ તથા સાહેદ તરીકે સંજયભાઈ ઉર્ફે મુન્ના દીલીપભાઈ ડાભીને આંક–૨૫ થી તપાસવામાં આવેલા છે જેઓએ ફરિયાદ આપ્યાની હકીકતને સમર્થન આપેલ છે.આ સિવાય ફરિયાદ પક્ષના સાહેદ નં. ૧૦ અરવિંદભાઈ કાળુભાઈ મણાજી આંક–૨૭ થી તપાસેલ છે.તેઓના પુરાવામાં તેઓએ જણાવેલ છે કે બનાવ સ્થળે એક

District & Sessions Court Ahmedabad Rural

છોકરુ રમતું હતુ અને ત્યાં એક સ્ત્રીની લાશ પડેલી છે તેવી જાણ થતા તેઓએ તેમના મીત્રોને જાણ કરેલી અને તા: ૧૩/૦૩/૨૦૨૨ ના રોજ જા. જો. એ. નં. ૧૧/૨૦૨૨ તેઓએ આપેલ માહીતીના આધારે કરવામાં આવેલી. આ સિવાય મેડીકલ ઓફિસરનો પુરાવો જોતા તથા આંક–૨૮ થી ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૧ કાળુજી ધનાભાઈ ડાભી કે જેઓની જાણમાં આ ગુજરનારની લાશ મળી આવેલ તેઓએ પણ લાશ મળી આવેલાની હકીકતને સમર્થન આપેલ છે. આ સિવાય તપાસ કરનાર અધિકારીને આરોપીએ કરાવેલ ડીસકવરીના આધારે ખાટલાનો પાયો જેના વડે ગુજરનારને આરોપીએ માર મારેલ તે હકીકતને સમર્થનકારી વિગત જણાવે છે. આ સંજોગોમાં શ્રી ઠાકરની એવી રજુઆત છે કે, રેકર્ડ પરનો સમગ્ર પુરાવો એંકદરે જોવામાં આવે તો ગુજરનાર આશરે ૩૦ વર્ષની હતી તેનું અકુદરતી મૃત્યુ થયેલ છે અને ડોકટર શ્રીએ આપેલ જુબાની મુજબ ગુજરનારના શરીર ઉપર જે ઈજાઓ જોવા મળેલી તે કારણે તેનુ મરણ થયેલ તે માટે પુરતો પુરાવો અને હકીકત રેકર્ડ આવેલ છે. આમ ફરિયાદી પક્ષે પુરતો અને જરુરી પુરાવાથી તેઓનો કેસ પુરવાર કરેલ છે તેમ જણાવી આરોપીને આક્ષેપીત ગુનાના કામે યોગ્ય નસીયત કરવા અરજ કરેલી છે.

(૬.૨). જયારે બચાવ પક્ષે લીગલ એઈડના વિ.વ. શ્રી આર.પી. પટેલનાએ એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષનો સમગ્ર કેસ જોવામાં આવે તો ફરિયાદ પક્ષ હાલના આરોપી સામે તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે. શ્રી પટેલની વિશેષમાં એવી રજુઆત છે કે, સવાલવાળો કેસ જોવામાં આવે તો તે સાંયોગીક પુરાવા પર આધારીત કેસ છે.એ બાબત તકરારી નથી કે, આ બનાવના નજરે જોનાર કોઈ જ સાહેદ નથી. શ્રી પટેલની વિશેષમાં એવી રજુઆત છે કે,આ પ્રકારના સાંયોગીક પુરાવાના કેસમાં

ફરિયાદ હકીકત, તમામ સંજોગો અને હકીકતે આ આક્ષેપીત કૃત્ય માત્ર અને માત્ર આરોપીએ અને માત્ર આરોપીએ જ કરેલ છે તેવુ પુરવાર કરતા સંજોગો રેકર્ડ પર હોવા જરુરી છે.અને તેમાં કોઈ શંકા હોય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. શ્રી પટેલની વિશેષમાં એવી રજુઆત છે કે, ફરિયાદ પક્ષે આરોપી સામે તેઓએ આક્ષેપીત કૃત્ય કર્યાનો કડીબધ્ધ પુરાવો રજુ કરેલ નથી. અને માત્ર આરોપીની કબુલાતના આધારે ફરિયાદ પક્ષે હાલના આરોપીએ ગુનો કરેલ છે તેવી રજુઆત છે.શ્રી પટેલની વિશેષમાં એવી રજુઆત છે કે,ફરિયાદ પક્ષ ડીસકવરી પંચનામાની તમામ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે.આંક-૧૬ના પંચનામાના પંચ સાહેદ જેઓ ફરિયાદ પક્ષના સાહેદ નં. ૦૩ કનકસિંહ ગંભીરસિંહ વાઘેલા તથા ફરિયાદ પક્ષના સાહેદ નં. ૦૪ભરતભાઈ ચીમનલાલ ઠકકર કે જેઓને આંક-૧૮ થી તપાસેલા છે તેઓ બંને પંચ સાહેદોએ આ પ્રકારે ડીસ્કવરી પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. શ્રી પટેલની વિશેષમાં એવી રજુઆત છે કે,સ્થાપિત ગુનાની પરિસ્થિતિ પ્રમાણે તપાસ કરનાર અધિકારીએ એ હકીકત પુરવાર કરવાની ફરજ હતી કે, આરોપી અને તેઓ વચ્ચે આ ડીસ્કવરી પંચનામા બાબતે શું શું વાતચીત થયેલી અને કઈ બાબતે આરોપીએ ડીસ્કવરી માટે તૈયાર થઈ ગયેલા તેનુ શબ્દસહ વર્ણન અને વિગત માહીતી તેમની જુબાનીમાં જણાવવી જોઈએ. આ પ્રકારની કોઈ વિગત તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાનીમાં જણાવેલ નથી. આ સંજોગોમાં કાયદેસર રીતે કોઈ ડીસ્કવરીની વિગત પુરવાર થયેલ નથી. આ સિવાય અન્ય કોઈ સાહેદોનો મહત્વનો આ ગુનાને લગતી સાંયોગીક વિગત કે માહીતી રજૂ કરેલ નથી કે પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં ફરિયાદી પક્ષ તેમનો કેસ પુરવાર કરવામાં સંદતર નિષ્ફળ નિવડતા હોય આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા માંગણી કરેલી છે.

(૭).. ઉપરોકત બંને પક્ષની રજુઆત તથા રેકર્ડ પર રજુ પુરાવો જોતા આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે ?

**– : મુદ્દાઓ :–**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા:૧૨/૦૩/૨૦૨૨ ના રોજ તમો આરોપીએ પેન્ટના આગળના ભાગે પડેલ ડાઘ બાબતે મરણ જનાર આઈશાએ પુછતાં તમો આરોપી અને મરણ જનાર આઈશા વચ્ચે આ બાબતે બોલાચાલી ઝઘડો થતા તમો આરોપીએ મરણ જનાર આઈશાના મોઢા ઉપર મુકકા મારી તેમજ ગડદાપાટુનો માર મારી તેમજ ખાટલા ઉપરની મચ્છરદાની બાંધવા સારુ લગાવેલ લાકડામાંથી એક લાકડુ કાઢી તે લાકડાથી તમો આરોપીએ મરણ જનાર આઈશાને માથાના ભાગે તથા હાથે પગે તેમજ શરીરે આડેધડ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૦૨ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

District & Sessions Court Ahmedabad (Rural) सत्यमेव जयते

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તમો આરોપીએ બનાવના દિવસે, સમયે અને સ્થળે પોલીસ કમીશ્નરનું હથિયાર બંધી જાહેરનામુ અમલમાં હતુ તેનો ભંગ કરી મારક હથિયાર લાકડુ ધારણ કરી ગુજરાત પોલીસ એકટની કલમ– ૧૩૫ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

3. શું હુકમ ?

(૮).. ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

**-: નિર્ણય :-**

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

(૯).. ઉપરોકત મુદ્દાના મારા કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

ઉપરોકત મુદ્દાઓની ચર્ચા કરતા પહેલાં આરોપી સામે જે આક્ષેપીત ગુના હેઠળ ફરિયાદ પક્ષ પોતાનો કેસ લઈને આવેલા છે અને તેમાં આક્ષેપીત કલમોની વ્યાખ્યાના તત્વો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**ઈ.પી.કો.ક. ૩૦૨.**

***IPC Section 302 talks about "Punishment for murder." It says —Whoever commits murder shall be punished with death, or imprisonment for life, and shall also be liable to fine. Further Reading: The Indian Penal Code (IPC)***

**જી.પી.એકટ.ક.૧૩૫.**

***Section 135 in The Gujarat Police Act, 1951***

**135. Penalty for contravention of rules or directions under sections 37, 39 or 40.**

***- Whoever disobeys an order lawfully made under sections 37, 39 or 40 or abets the disobedience thereof shall, on conviction, be punished-(i)if the order disobeyed or of which the disobedience was abetted was made under sub-section (1) of section 37 or under section 39, or section 40, with imprisonment for a term which may extend to one year but shall not, except for reasons to be recorded in writing, be less than four months and shall also be liable to fine, and(ii)if the said order was made under sub-section (2) of section 37, with imprisonment for a term which may extend to one month or with fine which may extend to one hundred rupees, and(iii)if the said order was made under sub-section (3) of section 37, with fine which may extend to one hundred rupees.***

(૧૦).. ઉપરોકત કલમોની જોગવાઈઓ જોતા તથા આરોપી સામે જે આક્ષેપ છે તે જોતા આરોપી ઉપર મુખ્યત્વે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ નું તહોમત છે જેમા ખૂનનો ગુનો મુખ્ય છે. આ કામના આરોપીએ મરણ જનારને મરણ જનાર આઈશાના મોઢા ઉપર મુકકા મારી તેમજ ગડદાપાટુનો માર મારી તેમજ ખાટલા ઉપરની મચ્છરદાની  બાંધવા સારુ લગાવેલ લાકડામાંથી એક લાકડુ કાઢી તે લાકડાથી તમો આરોપીએ મરણ જનાર આઈશાને માથાના ભાગે તથા હાથે પગે તેમજ શરીરે આડેઘડ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી  મરણ જનારનું ખૂન કર્યુ છે તેવો આક્ષેપ છે.આ  સંબંધે કાયદાકીય પરિસ્થિતિ જોઈએ તો, તમામ ખૂન અવશ્યપણે સાપરાધ મનુષ્યવધ છે. જ્યારે તમામ સાપરાધ મનુષ્યવધ ખૂન નથી. ખૂનની વ્યાખ્યામાં પ્રથમ બે હિસ્સા ઈજા દર્શાવે છે તથા ત્રીજા હિસ્સામાં પણ કૂદરતના સામાન્ય ક્રમમાં પૂરતી ગણાય તેવી શારીરિક ઈજા અને ઈરાદો દર્શાવ્યો છે. ચોથા હિસ્સામાં તમામ શક્યતા વચ્ચે મૃત્યુ જ નિપજશે તેવું તત્કાલિન ભયજનક કૃત્ય દર્શાવ્યુ છે, જે વ્યક્તિના જ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય કે ન ગણાય તેમાં નિર્ણાયક ભાગ વ્યક્તિની માનસિક સ્થિતિ તથા વ્યક્તિના સંજોગો ભાગ ભજવે છે. ખૂનની વ્યાખ્યા પ્રમાણે પ્રથમ મૃત્ય નિપજાવવાનો ઈરાદો તે કલમ-૨૯૯ તથા કલમ-૩૦૦માં એક સરખો જ છે. જ્યારે કલમ-૨૯૯નુ બીજુ તત્વ ઈજા પહોંચાડવા માટેનો ઈરાદો તથા કલમ-૩૦૦નો બીજો અને ત્રીજો પ્રકાર એકબીજા સાથે સંબંધ ધરાવે છે. જેથી ગુનો ખૂનનો ગણાય કે કેમ? તે નક્કી કરવા માટે પ્રથમ સાપરાધ મનુષ્યવધ છે કે કેમ? તે નક્કી કરવું પડે. ત્યારબાદ કલમ-૩૦૦માં દર્શાવેલ ખૂનની વ્યાખ્યામાં તે કૃત્ય પડે છે કે કેમ? તે નક્કી કરવું પડે, પાંચ પૈકીના કોઈ અપવાદમાં ન પડે તો જે તે ખૂન ગણાય

અન્યથા સાપરાધ મનુષ્યવધ ખૂન ન ગણાય.આ સિવાય જો આરોપી સામે ભારતીય દંડ સંહીતાની જોગવાઈઓ અન્વયે ગુનો સાબીત થાય તો આરોપીને જી.પી.એ.ક. ૧૩૫(૧) અન્વયે પણ ગુનો સાબીત થયેલો માની શકાય.

(૧૧).. આમ કાયદાકીય જોગવાઈ તથા આ કામે રજુ બંને પક્ષકારોની રજુઆત જો આરોપી તરફે તેઓનો કેસ નિ:શંકપણે સાબીત કરવા માટે જે પુરાવો રેકર્ડ પર આવેલ છે તેનું ક્રમશ: ચર્ચા કરતા. ફરિયાદ પક્ષે મરણ જનારની લાશને સૌ પ્રથમ જોનાર સાહેદ એવા અરવિંદભાઈ કાળુભાઈ મણાજીનો પુરાવો આંક-૨૭ થી સાહેદ નં.૧૦ તરીકે પુરાવો રેકર્ડ પર આવેલ છે અને તેઓનો સરતપાસનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે, *''આ બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. રવિવારની રજા હોઈ અમે બધા મિત્રો નિધરાળ ગામની સીમમા રેલ્વે ફાટક નજીક ખુલ્લા મેદાનમા સવારે નવ વાગ્યાના સુમારે ક્રિકેટ રમતા હતા. બપોરે આશરે બે ત્રણ વાગે મને સંડાસ લાગતા હુ મેદાનની બાજુમા આવેલ ખેતરમા ગયેલો ત્યારે ત્યા એક નાનુ છોકરુ રડતુ હતુ અને તેની બાજુમા એક સ્ત્રીની લાશ પડેલ હતી. તેથી મે મારા મિત્રોને ફોન કરી તે જગ્યાએ બોલાવેલ અને મારા મિત્રોએ પોલીસને જાણ કરેલી તેથી પોલીસવાળા પણ ત્યા આવી ગયેલ અને આ લાશને સાણંદ સામુહીક આરોગ્ય કેન્દ્રમા લઈ ગયેલા. આ જે સ્ત્રીની લાશ હતી તે અમારા ગામમા નિધરાળ રેલ્વે ફાટકની આસપાસ ભીખ માંગતી હતા તેવુ મે ઘણીવાર જોયેલુ. મને આ સ્ત્રીનુ નામ પાછળથી જાણવા મળેલુ નહી. આ સ્ત્રી કેવી રીતે ગુજરી ગઈ તે પણ મને જાણવા મળેલુ નહી. મે આ બાબતે સાણંદ પો.સ્ટે. જઈ જાહેરાત આપેલી. પોલીસે બનાવ બાબતે મારી પુછપરછ કરી નિવેદન લીધેલુ. ''*જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટતપાસ કરવામાં આવેલી છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, *'' બનાવ બાબતે મને જાત માહીતી નથી.''* આમ આ સાહેદનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આ સાહેદ તેમના

મીત્રો સાથે રવિવારની રજા હોય જેથી ક્રિકેટ રમતા હોય અને તેઓને કુદરતી હાજતે જવાનુ થતા તેઓ મેદાનની બાજુ ખેતરમાં જતા તેઓને ત્યાં એક નાનુ છોકરુ રડતુ હતુ અને તેની બાજુમાં એક સ્ત્રી લાશ જોવા મળેલ અને તેથી તેઓએ તે બાબતની જાણ તેમના મીત્રને કરી તેમના મીત્રોએ પોલીસને કરેલ છે તેટલી જ હકીકત રેકર્ડ પર આવે છે. આ સિવાય આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે બનાવની તેઓને કોઈ જાત માહીતી નથી.

(૧૨).. વધુમાં ફરિયાદ તરફે આંક– ૨૮ થી સાહેદ નં. ૧૧ કાળુજી ડાભીનો પુરાવો રેકર્ડ પર આવેલ છે અને તેઓએ તેમના સરતપાસના પુરાવામાં જણાવેલ છે કે, '' *નિધરાળ ગામમા મારી ખેતીની જમીન આવેલી છે. મે આ ખેતીની જમીન આજથી લગભગ આઠેક વર્ષ પહેલા કામેશ્વર પટેલનાઓને વેચાણ આપેલી. આશરે એકાદ વર્ષ પહેલા આ મારી ખેતીની જમીન ઉપર કોઈ બનાવ બનેલ કે કેમ તેનો મને ખ્યાલ નથી. કામેશ્વર પટેલને વેચાણ આપ્યા બાદ આ જમીન હુ સાચવતો હોય તેવુ બનેલ નથી. સાણંદ પોલીસે મારી એકાદ વર્ષ પહેલા પુછપરછ કરી હોય તેવુ બનેલ નહી. મને બનાવના એકાદ અઠવાડીયા બાદ એવુ જાણવા મળેલુ કે મે જે જમીન કામેશ્વર પટેલને વેચેલી તે જમીન ઉપર એક બીનવારસી બહેનની લાશ મળી આવેલી.* '' આ સાહેદની સરતપાસનો પુરાવો જોતા આ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલા છે. જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે પોલીસે મારુ કોઈ નિવેદન લીધેલ નથી.*''આમ આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા જે ખેતરમાંથી લાશ મળી આવેલ તે લાશ આ સાહેદની માલીકીની હતી પરંતુ આ સાહેદનો પુરાવો જોતા તેઓએ આ ખેતીની જમીન આઠેક વર્ષ પહેલાં કામેશ્વર પટેલને વેચાણ આપેલાનો પુરાવો આપે છે. તેમજ તેઓએ પોલીસને કોઈ નિવેદન આપેલ નહી તેવી વિગત

જણાવે છે.

(૧૩).. ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૨ મહેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ ઝાલાનો પુરાવો આંક–૨૯ થી રેકર્ડ પર આવેલ છે અને આ સાહેદે તેમના સરતપાસના પુરાવામાં જણાવેલ છે કે, '' *હું સને–૨૦૨૨ ના અરસામાં સાણંદ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે મારી ફરજ બજાવતો હતો. તા. ૧૩/૦૩/૨૦૨૨ ના રોજ પી.એસ.ઓ રુબરુ અરવિંદભાઇ કાળુભાઇ ડાભી રહેવાસી બળીયાદેવ વાળોવાસ, નિધરાડ નાઓએ આવીને નિધરાડ ફાટક નજીક આવેલ ક્રિકેટના મેદાનની બાજુવાળા ખેતરમાં એક સ્ત્રીની લાશ પડેલ છે અને તેની બાજુમા એક નાનુ બાળક રડે છે તે મુજબની હકીકત જાહેર કરતા પી.એસ.ઓ.એ સાણંદ પો.સ્ટે. અકસ્માત મોત નં. ૧૧/૨૦૨૨, સી.આર.પી. કલમ ૧૭૪ મુજબ નોંધી તે કામની આગળની તપાસ અમોને સોપતા અમોએ સંભાળી લીધેલ. અમોએ તા. ૧૩/૦૩/૨૦૨૨ ના રોજ લાશનું ઇન્કવેસ્ટ પંચનામુ કરવા સારુ તજવીજ કરેલ તેમજ લાશનું પી.એમ. કરાવવા સારુ તજવીજ કરાવેલી. તા. ૧૪/૦૩/૨૦૨૨ ના રોજ અરવિંદભાઇ કાળુભાઇ ડાભીનાઓએ બનાવવાળી જગ્યા બતાવતા બે પંચોની હાજરીમાં સ્થળ ઉપર પંચોના જોયા અને લખાવ્યા મુજબ વિગતવાર પંચનામુ કરેલું. તેમજ સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીને બોલાવેલ અને તેમની સુચના મુજબ સ્થળ ઉપરથી પંચનામાની વિગતે મુદામાલ કબજે લીધેલો. તેમજ એફ.એસ.એલ. અધિકારીનાઓને સ્થળ પરિક્ષણ અહેવાલ તૈયાર કરીને અમોને આપતા અમોએ કાગળમાં સામેલ રાખેલ. ત્યારબાદ તપાસના કામે મરણજનાર સ્ત્રીની ઓળખના કામે આજુબાજુ રહેતા સાહેદોના નિવેદનો લીધેલા. જે નિવેદન દરમ્યાન મહેન્દ્ર ઉર્ફ મહેશ પરચુણ સોમાભાઇ નું નામ ખુલવા પામેલ જેથી મહેન્દ્રભાઇ ને સાણંદ પો.સ્ટે. બોલાવી આ મરણજનાર સ્ત્રી વિશે પુછપુરછ કરેલી અને સરકારશ્રી તરફે અમોએ સાણંદ પો.સ્ટે.ના પોલીસ ઇન્સ્પેક્ટર એચ.બી.ગોહીલના રુબરુ ફરિયાદ આપેલી. આ કામે તા. ૧૪/૦૩/૨૦૨૨ ના રોજ મરણજનાર સ્ત્રી ના પી.એમ. વખતે તેને પહેરેલ કપડા ડોક્ટરશ્રીએ પોલીસને સોપતા અમોએ બે પંચોની હાજરીમાં તે કપડા પંચનામાની વિગતે કબજે લીધેલા. ત્યારબાદ અમોએ આ તપાસના તમામ કાગળો પી.એસ.ઓ. તરફ ગુના રજીસ્ટર કરવા મોકલી આપેલ. મને નિશાની ૦૪/૦૧ થી રજુ થયેલ ફરિયાદ લખાવવામાં આવે છે જે મેં સરકાર વતી આપેલી જે ફરિયાદમાં મારી સહી છે જે હું ઓળખી*

*બતાવુ છું. તેમજ રુબરુમાં પી.આઇ. એચ.બી.ગોહીલ નાઓની સહી છે જે હું ઓળખી બતાવું છું. જેને રજુ દાખલ આંક – ૩૦ આપવામાં આવે છે. મને આંક – ૧૬ થી રજુ થયેલ મરણજનાર સ્ત્રીના કપડા કબજે કર્યા તે અંગેનું પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બંને પંચોએ મારી રુબરુ સહી કરેલ છે જે ઓળખી બતાવું છું. રુબરુમાં મેં મારી સહી કરેલી છે. મને આંક – ૧૧ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બંને પંચોએ મારી રુબરુ સહી કરેલ છે જે ઓળખી બતાવું છું. રુબરુમાં મેં મારી સહી કરેલી છે. ''*જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટતપાસ કરવામાં આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, '' *આ ગુનાની તપાસ તા. ૧૩/૦૩/૨૦૨૨ ના રોજ ૧૬/૫૦ વાગે પી.એસ.ઓ તરફથી આપવામાં આવેલી. આ ગુનાની તપાસ તા. ૧૪/૦૩/૨૦૨૨ ના રોજ કલાક ૧૮/૦૦ સુધી કરી પી.એસ.ઓ.ને મોકલી આપેલી. એ વાત ખરી છે કે આ ફરિયાદ સી.આર.પી.સી.ની. કલમ ૧૭૪ મુજબ તપાસ કરતા હતા. અકસ્માતની નોંધ ૧૧/૨૨ ની જાણ મને પી.એસ.ઓ.એ કલાક ૧૬/૫૦ કરેલી. એ વાત ખરી છે કે નિધરાડ રેલ્વે ફાટકની બાજુમાં ખુલ્લા ખેતરોમાં ગમે તે વ્યક્તિ આસાનથી અવર જવર કરી શકે. પી.એમ. કર્યા પછી ફરિયાદ આપી હતી. એ વાત ખરી છે કે પી.એમ. કર્યા સુધી મરણનારની માહિતી ન હતી. એ વાત ખરી છે કે ફરિયાદ આપ્યા બાદ સદરહું ગુનાની તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે હાલના આરોપી ક્યાંથી અને કેટલા વાગે મળી આવેલ તે ફરિયાદમાં જણાવેલ નથી.''* આમ આ સાહેદનો પુરાવો જોતા આ કામે આંક–૨૭ થી સાહેદ નં. ૧૦ અરવિંદભાઈ કાળુભાઈ મણાજી કે જેઓ મરણ જનારની લાશને સૌ પ્રથમ જોનાર છે તેઓએ આપેલ જાહેરાતના આધારે ફરિયાદ આપી ત્યાં સુધી તપાસ કરી છે અને તે બાદ ફરિયાદ આપેલી છે. આ સિવાય આરોપીની ગુનાના કામે સંડોવણી હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. તેમજ આરોપી તેઓને કયાંથી કઈ રીતે મળી આવેલ તેની પણ કોઈ જ હકીકત તેઓ જણાવતા નથી.

(૧૪).. વધુમાં ફરિયાદ તરફે આંક– ૩૨ થી સાહેદ કૈલાશબેન દોલજીભાઈનો

પુરાવો સાહેદ નં. ૧૩ તરીકે રેકર્ડ પર આવેલ છે અને તેઓનો સમગ્ર પુરાવો જોતા લાશને પ્રથમ જોનાર અરવિંદભાઈ ડાભીએ તેઓની રુબરુમાં આવી જાહેરાત કરેલ કે નિધરાડ ફાટક નજીક એક ખેતરમાં અજાણથી સ્ત્રીની લાશ પડેલ છે. આ સિવાય બીજી કોઈ મહત્વની હકીકત તેઓના પુરાવામાં રેકર્ડ પર આવતી નથી. તેમજ આ સાહેદના પુરાવામાં તપાસ કરનારે આ બાબતે તેઓનો કોઈ જવાબ લીધેલ નહી તેમ જણાવે છે.

(૧૫).. વધુમાં ફરિયાદી તરફે આંક– ૪૦ થી સાહેદ પિયુષ રામજીભાઈ સુવેરાનો પુરાવો રેકર્ડ પર આવેલ છે અને આ સાહેદના પુરાવાથી આંક–૪૧ થી રજુ હથિયારબંધી જાહેરનામુ રેકર્ડ પર આવેલ છે આ સિવાય બીજી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી.

(૧૬).. વધુમાં ફરિયાદ તરફે આંક– ૪૫ થી સાહેદ નં.૧૮ તરીકે ભરતભાઈ કનુભાઈ ડાભીનો પુરાવો રેકર્ડ પર આવેલ છે અને આ સાહેદનો પુરાવો જોતા તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, '' *તા.૧૩/૦૩/૨૦૨૨ ના રોજ અમારા ગામના બીજા મિત્રો સાતે નિધરાડ ફાટક નજીક આવેલ મેદાનમાં ક્રિકેટ રમતા હતા તે વખતે ગામના અરવિંદભાઈ કાળુભાઈનાઓએ આવીને અમને કહેલ કે, બાજુના ખેતરમાં એક લાશ પડેલ છે અને જોયેલ તો લાશ કોઈ સ્ત્રીની હતી અને તેને જોતા હાથે પગે ઈજાના નિશાન હતા અને તેની બાજુમાં તેનો નાનો દિકરો બેઠેલ હતો. લાશવાળી વ્યક્તિનું નામ હું જાણતો નથી કે તેને અગાઉ મેં ક્યારેય જોયેલી નહી તેનું મૃત્યુ કેવી રીતે થયેલ તે પણ મને ખબર નથી. આ સિવાય બીજુ કશુ જાણતો નથી. મરણજનારનું નામ કે તે કોઈની સાથે રહેતી હોય અને તેનું મૃત્યુ કેવી રીતે થયેલ તે વિશે કાંઈ જાણતો નથી. મરણજનારને કોઈની સાથે સંબંધ હોય અને એવા કોઈ કોર્ટમાં હાજર હોય તો તે બાબતે મને ખબર નથી.* ''સદર સાહેદની સરતપાસનો પુરાવો જોતા આ સાહેદને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે.જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના

વિ.વ. શ્રી મારફતે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલી નથી. આમ આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા તેઓ અને તેમના મીત્રો મેદાનમાં ક્રિકેટ રમતા હતા અને તે વખતે અરવિંદભાઈને સંડાસ લાગતા તેઓ સંડાસ જવા સારુ જતા ત્યાં તેઓએ ખેતરમાં લાશ જોયેલ અને તેઓએ તેમને લાશ જોયા વિશે માહીતી આપેલાની હકીકત જણાવે છે આ સિવાય તેઓને બનાવ સબંધી માહીતી હોવાનો કે જાણેલ હોવાનો કે જાણવા મળેલ હોવાનો ઈન્કાર કરે છે.

(૧૭).. વધુમાં ફરિયાદ પક્ષ તરફે આંક– ૪૭ થી સાહેદનં. ૧૯ તરીકે ડોકટર શરદકુમાર અંબાલાલ રાવલનો પુરાવો રેકર્ડ પર આવેલ છે અને તેઓનો પુરાવો જોતા તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, '' *હું જયારે તા.૧૪/૦૩/૨૦૨૨ના રોજ તબીબી અધિકારી તરીકે મારી ફરજ સાણંદ સી.એચ.સી.માં હતો ત્યારે એમ.જે.ઝાલા પી.એસ.આઈ. સાણંદ પોલીસ સ્ટેશન ઈન્કવેસ્ટ પંચનામાં સાથે પી.એમ. કરવાની યાદી સાથે એક અજાણી લાશ લાવેલ જેનું પાછળથી નામ આયેશા ખુલેલ જે મૃત અવસ્થામાં લાવેલ. આ લાશનું મૃત્યુનું કારણ જાણવા માટે અમોએ પેનલથી પી.એમ. કરેલ, અમે અમારા સાથી ડોકટરશ્રી કલાબેન શાહ, એમ.ઓ.પી.એચ.સી. ચેખલા, સાણંદ જી.અમદાવાદને બોલાવી તા.૧૪/૦૩/ ૨૦૨૨ના રોજ સવારે દસ વાગે શરૂ કરેલ અને તેજ દિવસે ૧૧ વાગે પુર્ણ કરેલ. સદર લાશ જોતા ૩૦ વર્ષની હોવાનુ જણાયેલ. તેણીએ ગુલાબી તથા વાદળી ડિઝાઈન વાળો પંજાબી ડ્રેસ તથા કાળા કલરનો લેંઘો પહેરેલ હતો. મોઢુ કાળુ પડી ગયેલ અને મોઢામાંથી ફીણ નિકળી આવેલ હતા. જમણા હાથના આગળના ભાગે અંગ્રેજીમાં "SA" "KA" અને ગુજરાતી માં "કમલેશ" લખેલ હતુ. સદર લાશ ઠંડી અને સામાન્ય હતી. તેણીના શરીરમાં અકડાઈ જવાનું ચાલુ હતુ. શરીરના પાછળના ભાગે એટલે કે ડીપેન્ડન્ટ ભાગે પી.એમ. લીવીડીટી હતી. આંખો બંધ હતી. મોઢુ બંધ હતુ અને મોઢામાંથી ફીણ આવેલ અને ચહેરો ફુલી ગયેલ હતો. બાહ્ય જનનેન્દ્રીઓની કોઈ ઈજા ન હતી. શરીરના ભાગ ઉપર જોતા બાહ્ય દ્રષ્ટિએ નીચેની ઈજાઓ જણાયેલ. ઈજા નં.૧– શરીરના જાંગ ઉપર ૩ ચકામાં પડેલ હતા, જે ૧૦ x ૨ સેમીના હતા. ઈજા નં.૨– ડાબી કોણીમાંથી લોહી નિકળી રહેલ હતુ જે*

*ઘસાયેલો ઘા હતો જે ૧ x ૦.૫ સેમીના હતો.ઈજા નં.૩– તે જ પ્રકારની ઈજા જમણી કોણી ઉપર હતી જેની ૨.૫ x ૦.૫ સેમીનો હતો. ઈજા નં.૪– કપાળમાં ડાબી સાઈડ અને જમણી સાઈડ બંન્ને જગ્યાએ ઢીંમચાનું ૨ x ૧ સેમીનું અનિયમીત આકારનું નિશાન હતુ. ઢીંમચાની નીચે બંન્ને સાઈડ ચામડીની નીચે લોહી જામી ગયેલ હતુ. ઈજા નં.૫– બંન્ને સાઈડ જમણી અને ડાબી ખોપડીમાં ફ્રન્ટલલોપ ફ્રેકચર જણાયેલ. ઈજા નં.૬– ઈન્ટરનલ તપાસમાં મગજની ઈન્ટ્રાક્રેનીયલ હેમરેજ જણાયેલ હતુ. છાતીની રચનામાં દિવાલ, પાંસળીઓ, મૃદ હાડકા, ફેફસાનો પડદો, કંઠેન્દ્રિય, શ્વાસનળી અને ક્લોમ સામાન્ય જણાયેલ. જમણુ ફેફસુ અને ડાબુ ફેફસુ સંકોચાયેલ હતુ. હદય નોર્મલ હતુ અને ખાલી હતુ. પેટની દિવાલ, પેટની અંદરની પેરીટોનીયમ દિવાલ, ઉદર, ગુહા, બધુ સામાન્ય હતુ. જીભ મોઢામાં હતી અને મોઢુ બંધ હતુ. મોઢામાંથી ફીણ આવી ગયેલા. અન્નનળી સામાન્ય હતી. હોજરીમાં અપાચ્ય પદાર્થ હાજર હતો. અર્ધ પાચ્ય પદાર્થ નાના આતરડામાં હાજર હતો. મોટા આંતરડામાં મળ હાજર હતો. યકૃત ફિક્કુ પડી ગયેલ, બરોડ, મુત્રપીંડ બધુ ફિક્કુ પડી ગયેલ હતુ. મુત્રાશય ખાલી હતુ. જનનેન્દ્રિય નોર્મ હતી. જરૂરી નમુના જેવા કે સ્ટમક અને આંતરડાનો ભાગ એક બોટલમાં ભરી તેને માર્ક–એ આપેલ બીજી બોટલમાં ફેફસા, યકૃત, બરોળ અને મુત્રપિંડોના કટકા બોટલમાં ભરી તેને બી માર્ક આપેલ અને હદયને સી બોટલમાં ભરેલ. સી બોટલનું પ્રિઝરવેટીવ ફોર્મેલીંગ અને ડી બોટલ નખ અને દાત ડી.એન.એ. ટેસ્ટ માટે લીધેલે. આ બધુ શીલ બંધ કરી પોલીસને ફોરેન્સીક તપાસણી માટે મોકલી આપેલ. તે વખતે એફ.એસ.એલ.માંથી અભિપ્રાય આવેલ ન હોય મૃત્યુનું ચોક્કસ કારણે મુલત્વી રાખેલ. આજરોજ અમોને રીપોર્ટ બતાવવામાં આવેલ તેના ઉપરથી અમારુ ચોક્કસ પણે માનવુ છુ કે <u>મરણજનારનું મૃત્યુનું કારણ શરીર ઉપરની ઈજા થવાના કારણે શોક લાગવાના કારણે થયેલ છે. મરણજનારનું મૃત્યુ કુદરતી ન હતુ અને મરણજનારને થયેલ ઈજાઓ મૃત્યુ નિપજાવવા પુરતી હતી. આ ઈજાઓ બોથડ પર્દાથ જેવા કે લાકડા જેવા પર્દાથથી થઈ શકે.</u> મને આજરોજ નામ. કોર્ટમાં શીલ બંધ મુદ્દામાલ કોર્ટની પરવાનગીથી ખોલી બતાવતા તેમાંથી નિકળે લાકડુ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે મરણજનારને જે ઈજાઓ થયેલ છે તે આવા પ્રકારના હથીયારથી થઈ શકે.*

જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે મરણજનારનું ઘણુ બધુ લોહી વહી ગયેલ હતુ. એ વાત ખરી છે કે પી.એમ.*

*લીવીડીટી માલુમ પડેલી. એ વાત ખરી છે કે ગુજરનારનું શરીર જકડાયેલુ હતુ. એ વાત ખરી છે કે આ ઈજાઓ મને બતાવેલ લાકડા સિવાય અન્ય બીજા બોથડ પદાર્થથી પણ થઈ શકે.* ''આમ આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા તેઓ એક મેડીકલ ઓફિસર છે અને તેઓની રુબરુમાં મરણ જનારની લાશને પી.એમ. કરવા સારુ લાવતા તેઓએ સદરહું લાશનું પી.એમ કરેલ છે.તેમજ મરણ જનારનુ જે મૃત્યુ થયેલ છે તે કુદરતી ન હતું અને મરણ જનારને જે ઈજાઓ થયેલી છે તેના કારણે શોક લાગવાથી તેણીનુ મૃત્યુ થયેલ છે તેમજ આ સાહેદને મુદ્દામાલ લાકડુ બતાવતા તેઓ સરતપાસમાં કબુલ કરે છે કે આવા લાકડાથી આવા પ્રકારની ઈજા થઈ શકે. જયારે ઉલટતપાસમાં કબુલ કરે છે કે તેઓને બતાવેલ લાકડાથી તથા તેના સિવાય બીજા બોથડ પદાર્થથી પણ થઈ શકે તેમ જણાવેલ છે. આમ આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા મરણ જનારનુ જે મૃત્યુ થયેલ છે તે તેણીને થયેલ ઈજાના કારણે અકુદરતી મોત થયેલ છે તેટલી હકીકત રેકર્ડ પર આવે છે.પરંતુ આ કામે મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવેલ લાકડાથી જ થયેલ છે તે બાબતે સ્પષ્ટ નથી.

(૧૮).. ફરિયાદ પક્ષ તરફે આંક– ૫જ થી સાહેદ નં. ૨૧ તરીકે હસમુખભાઈ બચુભાઈ ગોહીલનો પુરાવો રેકર્ડ પર આવેલ છે. તેઓનો પુરાવો જોતા તેઓ જે તે વખતે પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને તેઓને આક્ષેપીત ગુનાની તપાસ મળતા તેઓએ રાબેતા મુજબના ક્રમમાં જે તપાસ કરેલી છે મુજબની વિગત જણાવેલ છે. જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટતપાસ કરવામાં આવેલી છે અને તેમા તેઓએ કબુલ રાખેલ છે કે ફરિયાદમાં લાકડાનો ઉલ્લેખ છે તે કયા પ્રકારનુ હતુ તેનો કોઈ ઉલ્લેખ નથી. વધુમાં આ સાહેદે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે બનાવની હકીકત આ કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારીત છે*

અને નજરે જોનાર સાહેદ નથી તેવુ મારા ધ્યાને આપેલ. આરોપીને તા.૧૫/૦૩/૨૦૨૨ના રોજ અટક કરવામાં આવેલ. બનાવ બનેલ તે અરસામાં આરોપી સાણંદ ટાઉનમાં મજુરી કામ કરતા હતા. બનાવવાળી જગ્યાએથી બે રસ્તેથી સાણંદ આવજા કરી શકાય. આરોપી ક્યા રસ્તેથી આવજા કરતો તે હકીકત હાલ મને યાદ નથી. આરોપી સાણંદમાં અલગ અલગ જગ્યાએ મજુરી કરવા જતો હતો. આરોપી બનાવ બન્યા છેલ્લા ૨૪ કે ૪૮ કલાક આરોપી ક્યાં હતો તે મેં જાણેલ નહી. ગુજરનાર મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા નહી. આરોપી મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હતા કે કેમ તે મને ચોક્કસ હાલ યાદ નથી. બનાવ બનેલ તે સ્થળના કોઈ ડમ્પ ડેટા મેળવેલ નથી. ડમ્પડેટા ઉપયોગી પુરાવો છે. સાયોગીક પુરાવા ઉપરનો કેસ હોય ત્યારે આવા ડમ્પડેટાનું મુલ્ય ખુબજ વધી જાત તે હું જાણુ છુ. ખૂન કેસની કેમ તપાસ થાય તે હું જાણુ છુ. ખૂન કેસ માટે તપાસ અંગે એવી સુચના છે કે તાત્કાલીક આરોપી પકડો, ગુનાને લગતા તમામ પુરાવા એકઠા કરી વધારે માં વધારે પુરાવા એકઠા કરવા. એ વાત ખરી છે કે મોટાભાગના નિવેદનો મેં લીધેલા છે. એ વાત ખરી છે કે આ નિવેદનો આરોપીની પ્રત્યક્ષ સંડોવણીના પુરાવા નથી. આરોપી સામે મુખ્ય પુરાવો લાકડુ કબ્જે કર્યા અંગે ડિસ્કવર પંચનામું પુરાવો છે. આરોપી અને મરણજનાર સાથે રહેતા તેવી વાત સાહેદોએ જણાવેલી. બનાવના સ્થળનો રફ સ્કેચ શ્રી મંડોરાએ બનાવેલ છે. બનાવ સ્થળની ફોટોગ્રાફી કરેલી નથી. સાયન્ટીફીક ઓફીસરે કરેલા સુચનો અમારે બંધનકર્તા છે. સાયન્ટીફીક ઓફીસરે આપેલી સુચના મુજબ ફોટોગ્રાફી શ્રી ઝાલાએ કરાવેલી. મેં આવા કોઈ ફોટોગ્રાફ જોયેલા નહી. સાયન્ટીફીક ઓફીસરે આપેલી સચુના મુજબ ખરેખર ફોટોગ્રાફી થયેલ છે કે કેમ તેની મેં ચિંતા કરેલ નથી. હું એ વાત સાથે સંમંત થાય છુ કે કોર્ટ સમક્ષ ઉત્તમ અને ઉત્તકૃષ્ઠ પુરાવા રજુ કરવા જોઈએ. આ રીકવરી પંચનામાં અમારા રૂબરૂ થયેલ છે. હું તે સમયે સ્માર્ટ ફોનનો ઉપયોગ કરતો અને તેમાં વિડીયોગ્રાફીની સુવીધા છે. તે સમયે આશરે ત્રણ ચાર પોલીસ માણસો અમારી સાથે હતા. એ વાત ખરી છે કે મારા પોલીસને તેઓના મોબાઈલ સાથે વિડીયો ગ્રાફી કરવા સારૂ સાથે આવવા સુચના કરુ તો તેઓ આ પ્રકારે વિડીયોગ્રાફી કરવા હાજર રહે. એ વાત ખરી છે કે લગભગ દરેક પોલીસ કર્મચારી વિડીયોગ્રાફી થઈ શકે તેવા સ્માર્ટ ફોન વાપરતા હોય છે. વિડીયોગ્રાફીએ ખાલી કાગળ પરના પંચનામાંથી વધુ આધારભુત પુરાવો ગણી શકાય. આ વિડીયોગ્રાફી મારા મોબાઈળ ફોનમાં કરુ તો કોઈ ખર્ચ મને થાય નહી. હું વિડીયોગ્રાફી વધુ આધારભુત પુરાવો માનુ છુ. વિડીયોગ્રાફ વધુ આધારભુત પુરાવો હોવા છતા મેં વિડીયોગ્રાફી ન કરેલ તેનું એવુ કારણ છે કે," આ સમયે આ પ્રકારે કોઈ

*વિડીયોગ્રાફી કરતુ ન હતુ". પોલીસ સ્ટેશનમાં અલગ થી વિડીયોગ્રાફી કરવા બીજા કોઈ સાધનો પુરા પાડેલ નથી. હું ૨૦૧૦માં પી.એસ.આઈ. તરીકે જોડાયેલો. હાલ હું મારો હોદ્દો પી.આઈ. તરીકેનો છે. ખૂનના ગુનાની તપાસ કઈ રીતે કરવી તે માટે અમોને અમારા તંત્ર તરફથી કોઈ સુચના, માર્ગદર્શીકા કે કોઈ એસ.ઓ.પી. છે અને આવી ઘણી સુચનાઓ આપવામાં આવે છે. આવી સુચનામાં ડમ્પડેટા, સીસીટીવી ફુટેજ મેળવવાની સુચના છે. મેં આ પ્રકારે આવા પુરાવા એકઠા કરવા ફક્ત સીસીટીવી ફુટેજ માટે ડી સ્ટાફને સુચના આપેલ છે. તપાસના કામે ડી સ્ટાફે સીસીટીવી ફુટેજ મેળવવા તે મેં તપાસના કામે તેની કોઈ વિગતો જણાવેલ નથી. આ આરોપીની અટક અમોએ કરેલ છે. ખૂન જેવા ગુનામાં કોઈની અટક કરવી તે એક ગંભીર બાબત છે તે હું જાણુ છુ. અમોએ આરોપીને આરોપી તથા મરણજનાર છેલ્લા ત્રણેક વર્ષથી સાથે રહેતા હતા તે કારણે તેમજ એ.ડી.ની તપાસ કરનાર એમ.જે. ઝાલા સાહેબે આરોપીની પુછપરછ કરતા આરોપીએ તેઓ રૂબરૂ કબુલ કરેલ કે લાકડાના ધોકાથી તેઓએ મરણજનારનું મોત નિપજાવેલ. હું એ બાબત જાણુ છુ કે આરોપીએ પોલીસ રૂબરૂ કરેલ કબુલાતનું મુલ્ય શુન્ય છે. સાહેદોના નિવેદનમાં સાહેદોએ એવુ જણાવેલ છે કે " આરોપી તથા મરણજનાર પતિ પત્નીની જેમ સાથે રહેતા હતા. આરોપીને અટક કરવા માટે અમારી પાસે ઉપર જણાવેલથી વિશેષ કોઈ માહિતી અને વિગત ન હતા અને અમોએ ઉપરોક્ત વિગત અને માહિતીના આધારે આરોપીની અટક કરી લીધેલી. કેસ ડાયરી જોઈને જણાવુ છુ કે તેમાં આરોપીનો કોઈ મોબાઈલ નંબર જણાવેલ નથી."* આમ આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદે આરોપીની અટક કરેલી છે અને આક્ષેપીત ગુનાની રાબેતા મુજબ તપાસ કરેલી છે તેવી હકીકતે પુરાવો આપે છે પરંતુ આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદે જે તપાસ કરેલી છે તેમાં ઘણી બધી ત્રૃટીઓ રહી જવા પામેલ છે. આ સાહેદે તેઓના પુરાવામાં કબુલ કરેલ છે કે માત્ર આરોપીની કબુલાત સિવાય આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો બીજો કોઈ પુરાવો તેઓની પાસે નથી કે રજુ કરેલ નથી. તેમજ તેઓ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે જયારે કેસ સાંયોગીક પુરાવા પર આધારીત હોય ત્યારે વધુમાં વધુ ઉત્કૃષ્ટ પુરાવા એકત્ર કરવા જોઈએ. પરંતુ આ સાહેદનો પુરાવો જોતા તેઓએ આવા કોઈ પુરાવા એકત્ર કર્યા હોય તેવુ જણાતુ નથી

તેમજ તેઓએ જણાવેલ છે કે બનાવ સમયે આરોપી મોબાઈલ વાપરતો હતો કે કેમ? તેમજ બનાવના ૨૪ થી ૪૮ કલાક પહેલાં તે કઈ જગ્યાએ હતો તેની પણ કોઈ તપાસ કરેલી નથી કે તે સબંધેના કોઈ આધારભુત પુરાવા રેકર્ડ પર રજુ કરેલા નથી તેમજ જો આરોપી મોબાઈલ વાપરતો હોય તો તેના મોબાઈલના ટાવર લોકેશન અને ડમ્પ ડેટા મેળવીને રજુ કરવા જોઈએ પરંતુ આ સાહેદ ધ્વારા કે અન્ય કોઈ પોલીસ કર્મી ધ્વારા આવી કોઈ તસ્દી લેવામાં આવેલ નથી અને તેનો સીધો લાભ આરોપીને ફાળે જાય છે.

(૧૯).. ફરિયાદ પક્ષ તરફે આંક–૫૭ થી સાહેદ નં. ૨૨ વિરેન્દ્રસિંહ દિલીપસિંહ મંડોરાનો પુરાવો રેકર્ડ પર આવેલ છે અને તેઓએ તેમની સરતપાસના પુરાવામાં એવી વિગતે પુરાવો આપેલ છે કે, '' *તા.૧૨/૦૩/૨૦૨૨ ના રોજ પોલીશ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્યના હુકમ આધારે અમારી બદલી ચાંગોદર પો.સ્ટે. ખાતેથી સાણંદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે થતા અમો સાણંદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે હાજર થયેલ તે વખતે સાણંદ ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.નં.૧૨૫/૨૦૨, ઈ.પી.કો. કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબના ગુનાની તપાસ અમોએ પો.ઈ.શ્રી એચ.બી.ગોહિલ સાહેબનાઓ પાસેથી સંભાળી લીધેલી. સદર ગુનાના કામે અગાઉ તપાસ થયેલ હોય જે અંગેનો મુદ્દામાલ તપાસસણી અર્થે એફ.એસ.એલ. અર્થે મોકલવાનો હોય રવાનગી નોંધ તૈયાર કરેલ અને એફ.એસ.એલ.માં મોકલેલ. મને નિશાની ૪/૧૨ થી રજુ થયેલ એફ.એસ.એલ. રવાનગી નોંધ બતાવવામાં આવે છે જે અમોએ તૈયાર કરેલ અને તેમાં અમોએ કરેલ સહી હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–૫૮ આપવામાં આવે છે. ત્યારબાદ એફ.એસ.એલ. તરફથી પહોંચ આવતા કામમાં સામેલ રાખેલ. મને નિશાની ૪/૧૩ થી ૪/૧૭ સુધી રજુ થયેલ એફ.એસ.એલ.ની પહોંચો બતાવવામાં આવે છે જે અનુક્રમે રજુ દાખલ આંક–૫૯ થી ૬૩ આપવામાં આવે છે. મને નિશાની ૪/૧૮ થી રજુ થયેલ એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર બતાવવામાં આવે છે જે તે છે જે રજુ દાખલ આંક–૬૪ આપવામાં આવે છે. મને નિશાની ૪/૧૯ થી રજુ થયેલ એફ.એસ.એલ. તરફથી મોકલેલ અહેવાલ બતાવવામાં આવે છે જે અમોએ કામમાં સામેલ રાખેલ જે તે જ છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ*

*દાખલ આંક–૬૫ આપવામાં આવે છે. મને નિશાની ૪/૨૦ થી રજુ થયેલ ફોરવર્ડીંગ લેટર સાથેનો અહેવાલ બતાવવામાં આવે છે જે અમોએ કામમાં સામેલ રાખેલ જે તે જ છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–૬૬ આપવામાં આવે છે. મને નિશાની ૪/૨૧ થી રજુ થયેલ એફ.એસ.એલ. ફોરવર્ડીંગ લેટર બતાવવામાં આવે છે જે અમોએ કામમાં સામેલ રાખેલ જે તે જ છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–૬૭ આપવામાં આવે છે. મને નિશાની ૪/૨૨ થી રજુ થયેલ એફ.એસ.એલ.નો સીરોલોજી અહેવાલ બતાવવામાં આવે છે જે અમોએ કામમાં સામેલ રાખેલ જે તે જ છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–૬૮ આપવામાં આવે છે. આરોપીઓ સામે પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. મને નામ. કોર્ટમાં મુદ્દામાલ બતાવવામાં આવે છે જે તેજ છે. તેમાંથી નિકળેલ પંચ સ્લીપો મને બતાવવામાં આવે છે જેમાં બે પંચોની તથા એમ.જે.ઝાલાની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને અનુક્રમે રજુ દાખલ આંક–૬૯ થી ૭૨ આપવામાં આવે છે. ''*જ્યારે સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, '' *મેં આ ગુનાની તપાસ તા.૨૦/૦૩/૨૦૨૨ના રોજ સંભાળેલી. એ વાત ખરી છે કે મારી પાસે તપાસ આવેલી તે પહેલા શ્રી ગોહિલ મહત્વની તપાસ જેવા કે પંચનામાઓ, નિવેદનો, તથા મુદ્દામાલ કબ્જે કરવા જેવી તપાસ કરી નાખેલી હતી. એ વાત ખરી છે કે મેં એફ.એસ.એલ.માં ફોરવર્ડીંગ લેટર સાથે મુદ્દામાલ મોકલવા સિવાય અને અન્ય કોઈ કામગીરી આ તપાસના કામે કરેલ નથી. ''* આમ આ સાહેદનો પુરાવો જોતા તેઓએ આ કામે માત્ર જે મુદ્દામાલ છે તેને ફોરવર્ડીંગ સાથે એફ.એસ.એલ.માં મોકલવા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.વધુમાં આ કામે આ સાહેદને કોર્ટથી કેટલાક સવાલ કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ કબુલ કરેલ છે કે, '' *એ વાત ખરી છે કે સાયન્ટીફીક ઓફીસરશ્રી બનાવવાળી જગ્યાનું વિડીયગ્રાફી/ફોટોગ્રાફી કરવા સુચન કરેલ. આ મુજબ મેં કે મારા અગાઉના તપાસ કરનાર અધિકારીએ આવી વિડીયોગ્રાફી કે ફોટગ્રાફી કરાવેલ નથી.સાયન્ટીફીક ઓફીસરશ્રી દ્વારા કરાતા સુચનો અમારા દ્વારા ધ્યાને લેવાના હોય છે. સાયન્ટીફીક ઓફીસરશ્રીએ આપેલ સુચના મુજબ કામગીરી ન કરવાનું કારણ એવુ છે કે, "શરતચુક થી રહી ગયેલ છે". સાયન્ટીફીક ઓફીસરશ્રીએ આપેલ સુચના મુજબ સર્કલ ઓફીસર મારફતે બનાવ*

સ્થળનો રફ સ્કેચ બનાવેલ છે.મેં તપાસના કાગળોનો અભ્યાસ કરેલ છે. આરોપીને અગાના તપાસ કરનાર અધિકારીએ પુછપરછ કરી અટક કરેલ. હું એ બાબત જાણુ છુ કે આરોપીએ પોલીસ રૂબરૂ આપેલ કબુલાત પુરાવામાં શુન્ય મુલ્ય છે. હું એ વાત સાથે સંમત થાઉ છુ કે આરોપીએ પોલીસ સામે આપેલ કબૂલાતથી ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંક પણે પુરવાર કરી ના શકે. મેં આ કિસ્સામાં હાલના આરોપી સામે ચાર્જશીટ કરવાનું કારણ એવુ છુ કે આરોપીએ મારા અગાઉના તપાસ કરનાર અધિકારીશ્રી સમક્ષ કરેલ કબુલાત, ગુનાવાળી જગ્યાએથી કબ્જે કરેલ મુદ્દામાલ જેને એફ.એસ.એલ.માં મોકલેલ અને તેનો અહેવાલ આવતા. આ સિવાય સાહેદોના નિવેદનમાં એવુ ખુલેલ હતુ કે, ગુજરનાર સાથે હાલના આરોપી રહેતા હતા. મેં આ વિગતોના આધારે ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી છે કે બનાવ હકીકત જોતા અગાઉ ખુન થઈ ગયેલ અને લાશ મળી આવતા બનાવની જાણ થયેલ. એ વાત ખરી છે કે આ ગુનાની તપાસના કાગળો ધ્યાને લેતા કોઈ દાર્શનીક સાહેદ હોવાનું જણાયેલ નહી. આ સિવાય કોઈ વ્યક્તિની રૂબરૂ ખૂન થયેલ હોય તેવુ બનેલ નહી. આ બનાવ સમેય ત્રણ વર્ષના ગુજનારનું બાળક હતુ તેઓની બનાવ અંગે કોઈ પુછપરછ કરેલ નહી. હવે જણાવુ છુ કે બાળકની પુછપરછ કરેલી. આ પુછપરછ ચોક્કસ શું થયેલી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે આ બાળકની મેં કોઈ પુછપરછ કરેલી નહી. આ બાળક મેં મારી તપાસ દરમ્યાન જોયેલુ નહી. આ બાળક હાલ ક્યા છે તેની મને ખબર નથી. હું જે.જે. એક્ટની જોગવાઈથી માહિતીગાર છુ. એ વાત ખરી છે કે આ ત્રણ વર્ષના બાળક વિશે વ્યવસ્થા તંત્રએ વિચારણા કરવી પડે કારણે તેઓના કહેવાતા પિતાને પોલીસ કસ્ટડીમાં લઈ લીધેલા અને તેઓની માતા મરણ ગયેલી. આ પરિસ્થિતીમાં બાળકની સલામતી, પ્રગતિ અને વિકાસ વિશે વ્યવસ્થા તંત્રએ વિચાર કરવાની જરૂર ઉભી થઈ જાય તેવી હતી. હવે જણાવુ છુ કે, આરોપીના ઘરના સભ્યો નિધરાડ ગામના હતા અને તેઓના ઘરના સભ્યોને જે તે સમયે બાળક સોપેલુ. આરોપી પ્લાસ્ટીકનો કચરો વિણવાનું કામ કરતો હતો. આરોપી નિધરાડ ગામના ફાટકની આસપાસ કચરો વિણવાનું કામ કરતા હતા. ગુજરનાર પણ એવુ જ કામ કરતા હતા અને આજુબાજુમાં ભિખ માંગતા હતા. આ બંન્ને આરોપી તથા ગુજરનાર પાસે મોબાઈલ ફોન હોય તેવુ તપાસમાં ખુલેલ નહી. આરોપી તથા ગુજરનાર નિધરાડ ગામની સીમમાં કાળુભાઈ ધનાભાઈ ઠાકોર કે જેઓએ આ ખેતર ચાર પાંચ વર્ષ અગાઉ ભવાનભાઈ કામેશ્વરને વેચાણ આપેલ હતુ અને તે ખેતરની દેખરેખ ત્યારબાદ પણ આ કાળુભાઈ કરતા હતા. એ વાત ખરી છે કે આ ખેતરમાં ગુજરનાર તેનું બાળક તથા આરોપી છેલ્લા બે માસથી રહેતા હતા. આ બે મહિના દરમ્યાન ત્યાં બીજા

કેટલા લોકોએ ત્યાં આવજા કરેલી તે બાબતે તપાસ કરેલી. બનાવ બનેલ તેનાથી માનવ વસ્તી ૨ કિ.મી. દુર આવેલી છે. બનાવ બનેલ તે જગ્યાના કે આસપાસના કોઈ ડમ્પ ડેટા કઢાવેલ નહી. મને મારી તપાસ દરમ્યાન નાગરીકો ખોટી માહિતી આપતા હોય તેવુ ધ્યાન ઉપર છે. આ સિવાય આરોપીઓ પણ તપાસ દરમ્યાન ખોટી માહિતી આપતા હોવાનું મારા ધ્યાન ઉપર આવેલ છે. એ વાત ખરી છે કે તપાસના કાગળો વંચાણે લેતા આ બનાવ ચોક્કસ ક્યા સમયે બનેલ તેવુ નિર્ણીત થઈ શકે તેમ નથી. એ વાત ખરી છે કે કોઈ વ્યક્તિ ચોક્કસ ક્યા સમયે ક્યાં હાજર હતી તે માહિતી તપાસની દ્રષ્ટિએ ઉપયોગી છે. મેં તપાસ દરમ્યાન એવુ જાણેલ કે બનાવ સમયે આરોપી બનાવ સ્થળે હતો. એ વાત ખરી છે કે આ બનાવના નજરે જોનાર કોઈ સાહેદ નથી. એ વાત ખરી છે કે તપાસ દરમ્યાન આ પ્રકારે પ્લાસ્ટીક અને કચરો વિણતી અન્ય કોઈ વ્યક્તિની તપાસ કરેલ નથી. છેલ્લે આ આરોપી આ વિસ્તારમાં ક્યાં અને કોને મળેલ તે અંગે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસ ફરીયાદ જોતા તથા તપાસના કાગળો જોતા બનાવ બન્યાના ૨૪ કલાકની અંદર આરોપી અગાઉના તપાસનીશ અમલદારને મળી ગયેલો. એ વાત ખરી છે કે આરોપી મળી ગયા બાદ છેલ્લા ૨૪, ૪૮ અને ૭૨ કલાકમાં તે ક્યાં હતો, કોને મળેલ અને શું શું કરેલ તે બાબતે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે આ પ્રકારે આરોપી છેલ્લા ૭૨ કલાકમાં ક્યા ક્યા હતો, કોને કોને મળેલ અને શું શું કરેલ તે બાબતે પુછપરછ કરવાથી ફરીયાદપક્ષના કેસમાં માહિતી મળી શકે. આ બનાવ બન્યા બાદ આરોપી ગુનો કરી સાણંદ કે જે બનાવવાળી જગ્યાએથી ચાર પાંચ કિમી દુર આવેલ છે ત્યાં ચાલતો ચાલતો ગયેલો. સાણંદમાં આરોપી કોઈ જગ્યાએ આ બનાવ બન્યા બાદ જઈને સુઈ ગયેલો, જે જગ્યા હાલ મને યાદ નથી. આ જગ્યાની આસપાસ સીસીટીવી કેમેરામાં આરોપીની હાજરી શોધવા અગાઉના તપાસનીશ અમલદારે પ્રયત્ન કરેલ. આ અંગેની નોંધ કેસ ડાયરીમાં કરેલ છે કે કેમ તે અંગે મને ચોક્કસ યાદ નથી. સીસીટીવી ફુટેજ બાબતે અગાઉના તપાસનીશ અમલદારે તપાસ કરેલી તેવી મેં તપાસનીશ અમલદાર સાથે ફોનમાં વાતચીત કરેલી. આ તપાસનીશ અમલદાર એચ.બી.ગોહિલ, પો.ઈ. સાથે વાતચીત કરેલી અને તેઓએ મને ફોનમાં જણાવેલ કે આ પ્રકારના ફુટેજ તપાસ કરતા મળેલ ન હતા. એ વાત ખરી છે કે આરોપી ગુનો કરીને સાણંદ કોઈ જગ્યાએ ઉંઘી ગયેલ હોય તો તે ચોક્કસ કઈ જગ્યાએ ઉંઘી ગયેલ તે માહિતી મેળવવી તે પ્રસ્તુત અને ઉપયોગી માહિતી છે. એ વાત ખરી છે કે જ્યારે આ કેસ સાયોગીક પુરાવા ઉપર આધારીત છે ત્યારે તે પુરાવાનું મુલ્ય ઘણું વધી જાય છે. એ વાત ખરી છે કે અગાઉ જણાવ્યા મુજબનું આરોપીની ૭૨ કલાક અગાઉની વતર્ણુંક અને કામગીરી અને

*પછીની આરોપીની જે તે જગ્યાએની હાજરી અંગેની માહિતી અને પુરાવો એ ઉપયોગી માહિતી અને પુરાવો છે. એ વાત ખરી છે કે આવા કોઈ પુરાવા મેળવવા મેં પ્રયત્ન કરેલ નથી. એ વાત ખરી છે કે મેં તપાસ સંભાળેલી ત્યારે આ કેસ સાયોગીક પુરાવા ઉપરનો કેસ છે તેવુ મને સમજાયેલુ. એ વાત ખરી છે કે સાયોગીક પુરાવા ઉપર આધારીત કેસ હોય ત્યારે દરેક સંજોગો અને માહિતી આરોપીએ ગુનો કરેલ છે તેવુ સુચન કરતા હોવા જોઈએ. મને એ વાતની જાણ છે કે આવા પુરાવાઓમાં અમુક પુરાવા શંકાસ્પદ પુરાવાર થાય તો તેનો લાભ આરોપીને મળે. એ વાત ખરી છે કે, અગાઉ મહત્વની રીતે આરોપીની મુખ્યત્વે કરાયેલી કબુલાતના આધારે આગળ તપાસ કર્યા વિના મેં આ ગુનાનુ ચાર્જશીટ કરેલ છે.* ''આમ આ સાહેદે એ બાબત પણ કબુલ રાખેલ છે કે તેઓએ આરોપીની કબુલાતના આધારે ચાર્જશીટ કરેલ છે અને એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે પોલીસ રુબરુની કબુલાતનુ પુરાવામાં શૂન્ય મૂલ્ય હોય છે.

(૨૦).. આ સિવાય ફરિયાદ પક્ષે સાંયોગીક પુરાવા તરીકે અન્ય પંચ સાહેદોનો પુરાવો જે રેકર્ડ પર આવેલ છે તે જોતા ફરિયાદ પક્ષે આંક-૧૦ થી સાહેદ જગદીશભાઈ ગોવાજી ડાભીને તથા આંક-૧૨ થી સાહેદ વિજય બાબુભાઈ ચૌહાણનો પુરાવો રેકર્ડ પર આવેલ છે અને તેઓ બંને પંચ સાહેદોના પુરાવાથી બનાવવાળી જગ્યાનુ પંચનામાનુ જે આ કામે આંક-૧૧ થી રેકર્ડ પર આવેલ છે. આ બંને પંચ સાહેદોનો પુરાવો જોતા તેઓએ પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત જણાવતા હોય જેથી તેઓને ફરિયાદ પક્ષે વિમુખ જાહેર કરવામાં આવેલા છે. આમ આ સાહેદના પુરાવાથી બનાવવાળી જગ્યાના પંચનામાની વિગતે સમર્થન મળતુ નથી.

(૨૧).. વધુમાં ફરિયાદ પક્ષ તરફે આંક- ૧૪ થી સાહેદ કનકસિંહ ગંભીરસિંહ વાઘેલાને તથા આંક- ૧૮ થી સાહેદ ભરતભાઈ ચીમનલાલ ઠક્કરનો પુરાવો રેકર્ડ પર આવેલ છે અને આ બંને સાહેદના પુરાવામાં આ કામે આંક- ૧૫થી

મરણ જનાર આયશાના શબ પરીક્ષણ દરમ્યાન ડોકટરે આપેલા કપડા કબજે કરેલાનુ પંચનામુ તથા આંક-૧૬ થી આરોપીએ બનાવમાં ઉપયોગમાં લીધેલ લાકડી કે જે જગ્યાએ તેઓએ સંતાડીને રાખેલ ત્યાં થી લાવી રજુ કરતા તે પંચનામાની વિગતે કબજે કરેલ તે રેકર્ડ પર આવેલ છે આ બંને પંચ સાહેદોનો પુરાવો જોતા તેમાં તેઓએ આંક-૧૫ અને આંક-૧૬ ના પંચનામાની કાર્યવાહી તેઓની રુબરુમાં થયેલાની વિગતનો ઈન્કાર કરેલ હોય જેથી તેઓને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેમજ આ બંને પંચ સાહેદોની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે જે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તેમાં પણ તેઓ તૈયાર પંચનામામાં સહી કરેલાની વિગત જણાવતા હોય અને તે સંજોગોમાં આ બંને સાહેદોના પુરાવાથી આંક-૧૫ અને ૧૬ ના પંચનામાની વિગતે સમર્થન મળતુ નથી. તેમજ આક્ષેપીત ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલ લાકડી આરોપીના બતાવ્યા મુજબના સ્થળેથી મેળવી કબજે કરવામાં આવેલાની હકીકતને સમર્થન મળતુ નથી.

(૨૨).. ફરિયાદ પક્ષે આંક- ૨૧ થી સાહેદ નં.૬ તરીકે અનોપસિંહ ધીરુભા રાઠોડને સોંગદપર તપાસવામાં આવેલા છે અને તેઓનો સરતપાસનો પુરાવો જોતા તેઓએ જણાવેલ છે કે, '' *પોલીસે મને લખેલા કાગળ ઉપર સહી કરી આપવાનુ કહેતા મે સહી કરી આપેલી. આ સિવાય બીજી કોઈ હકીકત મને ખબર નથી. મને લખતા વાંચતા આવડે છે. મને નિશાની ૪/૬ થી રજુ થયેલ પંચનામુ બતાવામા આવે છે તેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે જે સહી હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દા.આંક-૨૨ આપવામા આવે છે. એવુ બનેલ નહી કે સાણંદ પો.સ્ટે.મા મારી હાજરીમા પોલીસે એક આરોપીનુ શરીર સ્થીતીનુ પંચનામુ કરી તેના કપડા કબજે કરેલ હોય.''* આમ આ સાહેદનો પુરાવો જોતા તેઓ આંક-૨૨ થી રજુ પંચનામાની વિગતે સમર્થન કરતા ના હોય અને તૈયાર પંચનામામાં સહી

કરેલાની વિગત જણાવતા હોય તેઓને ફરિયાદી પક્ષે ફરી ગયેલ જાહેર કરવામાં આવેલા છે. જયારે આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ સ્વીકારે છે કે તેઓએ પોલીસના કહેવાથી તૈયાર પંચનામામા સહી કરેલી છે. આમ સદર સાહેદ આંક–૨૨ થી રજુ પંચનામાની વિગતે લેશમાત્ર સમર્થન કરતા નથી.

(૨૩).. વધુમાં ફરિયાદ પક્ષ તરફે આંક– ૨૦ થી સાહેદ નં.૫ તરીકે કુલદીપસિંહ રામ સીંહ સોઢાનો પુરાવો રેકર્ડ પર આવેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, '' *આજથી આશરે આઠ નવ માસ પહેલા સાણંદ પોલીસે મને બોલાવેલો અને મને એક ફોટોગ્રાફ બતાવેલ હતો. જેમા એક સ્ત્રી અને એક નાનુ બાળક હતુ. ફોટામા જે સ્ત્રી હતી તેને મે જોયે ઓળખેલ હતી. આ સ્ત્રીનુ નામ મને હાલ યાદ નથી પરંતુ આ સ્ત્રી નિધરાળ ફાટક પાસે આ નાના છોકરાને લઈ ભીખ માંગતી હતી તે મે અવારનવાર જોયેલ. આ સ્ત્રીનુ કોઈએ મર્ડર કરેલ હતુ એવી વાત મને જાણવા મળેલ હતી. મને પાછળથી ન્યુઝ પેપર દ્વારા જાણવા મળેલ કે એક વ્યકિતએ ફોટામાં જે સ્ત્રી પોલીસે મને બતાવેલ તેનુ મર્ડર કરેલ છે. તે વ્યકિતને હુ જાણતો નથી. આ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી. મે આ સ્ત્રી સાથે કદી પણ કોઈ વ્યકિતને જોયેલ ન હતી.* '' આમ આ સાહેદનો પુરાવો જોતા મરણ જનારને તેઓએ અવાર નવાર ભીખ માંગતા જોયેલ અને તેનુ મર્ડર થયેલ પણ કોણે કરેલ તેની તેઓને ખબર નહી હોવાનું તેમજ મરણ જનાર સાથે કોઈ વ્યકિતને કયારેય જોયેલ નહી હોવાનો પુરાવો આપે છે. આ સિવાય બીજી કોઈ મહત્વની વિગત તેઓના પુરાવાથી રેકર્ડ પર આવતી નથી.

(૨૪).. ફરિયાદ પક્ષ તરફે આંક– ૨૩ થી સાહેદ નં. ૭ તરીકે ધર્મેશ ઉદેસીંગ ઠાકોરને સોંગદપર તપાસવામાં આવેલા છે તેઓનો પુરાવો જોતા આ મરણ જનાર સ્ત્રી

અવર જવર કરનાર લોકો પાસે ભીખ માંગતી હતી અને ફાટક નજીક ફરતી રહેતી હતી તેટલી જ હકીકત જણાવે છે આ સિવાય તેઓના પુરાવામાં કબુલ કરે છે કે આ સ્ત્રી કેવી રીતે મરણ ગયેલ તેની તેઓને ખબર નથી. તેમજ તેઓના પુરાવામાં કબુલ કરે છે કે બનાવ બાબતે તેઓને જાત માહીતી નથી.

(૨૫).. ફરિયાદ પક્ષ તરફે આંક–૨૬ થી તપાસેલ સાહેદ સંજયભાઈ કાળુભાઈ ડાભીને તપાસવામાં આવેલા છે અને તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, '' *બનાવ સન – ૨૦૨૨ ના અરસામાં બનેલો. તારીખ અને મહિનો હાલ ચોક્કસ યાદ નથી. હું અને મારા ગામના છોકરાઓ સાંજના સુમારે નિધરાડ ફાટક નજીક ક્રિકેટ રમવા માટે ગયેલા હતા. અમો લોકોએ બાજુના ખેતરમાં એક સ્ત્રીની લાશ જોયેલ હતી. આ સ્ત્રી અવારનવાર નિધરાડ ફાટક નજીક લોકો પાસેથી ભીખ માંગતી હતી તેવુ અગાઉ મેં જોયેલી. ત્યારબાદ પોલીસને જાણ કરતા સ્થળ ઉપર પોલીસ આવી. આ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી અને નિવેદન લીધેલું. આ સ્ત્રીની લાશની બાજુમાં એક નાનો છોકરો પણ બેઠેલો હતો. આ સ્ત્રી કેવી રીતે ગુજરી ગઈ તેની મને જાણ નથી. મેં મરનાર સ્ત્રીને બીજા કોઈ વ્યક્તિ સાથે અગાઉ જોયેલ હોય તેવુ બનેલ નથી.* '' જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટતપાસ કરવામાં આવેલી છે અને તેમા તેઓએ જણાવેલ છે કે બનાવની તેઓને કોઈ જાત માહીતી નથી. આમ આ સાહેદ પણ બનાવ ખરેખર કઈ રીતે બનેલ કે બનાવ પહેલાં તેઓએ મરણ જનાર સાથે આરોપીને જોયેલા હોય કે આ કામના આરોપીએ મરણ જનારને માર મારતા તે મરણ ગયેલ છે તેવી કોઈ હકીકત પાછળથી પણ જાણેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

(૨૬).. ફરિયાદ પક્ષ તરફે આંક– ૨૫ થી સાહેદ સંજયભાઈ ઉર્ફે મુન્ના દીલીપભાઈ ડાભીને સોંગદપર તપાસવામાં આવેલા છે અને તેઓ પણ આંક– ૨૬ થી તપાસેલ સાહેદ મુજબની વિગતે પુરાવો આપે છે અને તેઓના

પુરાવામાં સ્વીકારે છે કે બનાવની તેઓને કોઈ જાત માહીતી નથી.

(૨૭).. ઉપરોકત તમામ પુરાવાનું એંકદરે મૂલ્યાકંન કરતા ફરિયાદ તરફે તેઓનો કેસ પુરવાર કરવા માટે જે પુરાવો રેકર્ડ પર આવેલ છે તે જોતા ફરિયાદ પક્ષના પુરાવામાં કોઈ નજરે જોનાર સાહેદ નથી. એટલે કે ફરિયાદ પક્ષનો સમગ્ર કેસ દાર્શનીક પુરાવા ઉપર આધારીત કેસ નથી. ફરિયાદી પક્ષનો સમગ્ર કેસ સાંયોગીક પુરાવા પર આધારીત છે. કાયદાકીય સ્થિતિ જોતા ફરિયાદી પક્ષે તેઓનો કેસ યોગ્ય પુરાવો રજુ કરી પુરવાર કરવાનો રહે છે એટલે કે ફરિયાદી પક્ષે જે પુરાવો રેકર્ડ પર આવે તે એક સળંગ સાંકળની જેમ એક કડી બછીજી કડીને સાંકળે તે રીતેનો આવે તો જ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ માની શકાય અને જો ફરિયાદી પક્ષે જે પુરાવો રેકર્ડ પર આવે તેમાં પુરાવાની એક કડી પણ ખૂટતી હોય તો તેનો સીધો લાભ આરોપીને જાય છે.આમ સદર કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને લેતા આ કામે બંને પક્ષની રજુઆતો તથા રેકર્ડ પર આવેલ પુરાવો એંકદરે વિચારણામાં લેતા એવુ જણાઈ આવે છે કે આરોપી સામેનો કેસ છે તે સાંયોગીક પુરાવા પર આધારીત છે.નામદાર સુપ્રિમ કોર્ટે સાંયોગીક પુરાવા માટે જે સિધ્ધાંત પ્રતિપાદીત કરેલ છે તે મુજબ ફરિયાદી પક્ષે કયા સંજોગોને આધારે ગુનો બનેલ તે તમામ સંજોગો એંકદરે પુરવાર કરવા જોઈએ.અને તમામ સંજોગો માત્ર અને માત્ર આરોપીએ જ આ કામગીરી કરેલી છે તેવુ સુચન કરતા હોવા જોઈએ અને અન્ય સુચન કે પરિસ્થિતિ જણાવતા હોય તો તેઓ લાભ આરોપીને મળવા પાત્ર છે.આ સિવાય પુરાવાની સાંકળ ક્રમીક રીતે આરોપીએ જ આક્ષેપીત ગુનો કરેલ છે તે તરફ જ જતો હોવો જોઈએ.તે તમામ પરિસ્થિતિ આરોપી નિર્દોષ છે તેનાથી વિરુધ્ધનું ફરિયાદ પક્ષે રેકર્ડ પર લાવવું જોઈએ.આ મુજબનો સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૨૩ LIVE LAW (SC) 50 BOBY V/S

STATE OF KERALA ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે.આ સિવાય આ ચુકાદામાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૨૭ ના ડીસ્કવરી પંચનામા બાબતે પણ નામદાર સર્વોચ્ચ અદાલતે માર્ગદર્શીકા પ્રતિપાદીત કરેલ છે.અને આરોપીએ આપેલ માહીતી અને વિગતના આધારે ડીસ્કવરી થયેલી છે. તેવુ ફરિયાદ પક્ષે પુરવાર કરવુ જોઈએ.આ કામમાં આંક– ૧૪ થી આંક– ૧૮ ના પંચ સાહેદોની જુબાની જોતા તેઓ ડીસ્કવરી પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન કરતા નથી. આ સિવાય તપાસ કરનાર અધિકારીએ તેઓ તથા આરોપી વચ્ચે આ ડીસ્કવરી બાબતે શું વાતચીત થઈ તેની કોઈ વિગત કે માહીતી અને કયા શબ્દોમાં આરોપી આવી ડીસ્કવરી કરવવા માંગે છે તેની કોઈ કાયદેસરની જરુરીયાત પણ આ કીસ્સામાં પરિપુર્ણ થયેલી નથી. આ સિવાય નામદાર સુપ્રિમ કોર્ટે 2024 LIVE LAW (SC) 316 BABU SAHEBAGOUDA RUDRAGOUDARAND OTHERS ના ચુકાદામાં નીચે મુજબ પ્રસ્થાપિત કરેલ છે.

**Indian Evidence Act, 1872; Section 27 – To prove disclosure statement and the**

***discoveries made in furtherance – The statement of an accused recorded by a police officer under Section 27 of the Evidence Act is basically a memorandum of confession of the accused recorded by the Investigating Officer (IO) during interrogation and taken down in writing. The confessional part of such statement is inadmissible and only the part which distinctly leads to discovery of fact is admissible in evidence. Held, mere exhibiting of memorandum prepared by the IO during investigation cannot tantamount to proof of its contents and the IO, while testifying on oath, would be required to narrate the sequence of events which transpired leading to the recording of***

***the disclosure statement. By the interrogation memos, it is clear that the IO gave no description of the disclosure statements. Hence, the disclosure statements cannot be read in evidence and the recoveries made in furtherance thereof are non est in the eyes of law. (Para 59, 65 & 66)***

આમ ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત તથા તેની સામે રેકર્ડ પર જે પુરાવો આવેલ છે તે પુરાવાનું સમગ્ર રીતે મૂલ્યાંકન કરતા આ કેસ સાંયોગીક પુરાવા પર આધારીત કેસ છે.આ કામે દેખીતી રીતે કોઈ નજરે જોનાર સાહેદ નથી. જે પુરાવો રેકર્ડ પર આવેલ છે તે સાહેદ ગુજરનારને નિધરાડ ફાટક પાસે ભીખ માંગતી જોયેલી. અને ત્યાર બાદ અમુક સાહેદ ગુજરનારને મરણ ગયેલી હાલતમાં જોયેલી આ સિવાય ડીસ્કવરી પંચનામાનો મુખ્ય પુરાવો ફરિયાદ પક્ષ આરોપી સામે લાવેલા છે જે ડીસ્કવરી પંચનામાનીકોઈ વિગત કાયદેસર રીતે ઉપરોકત ચુકાદાને અનુસંધાને ફરિયાદ પક્ષ કાયદેસર રીતે પુરવાર કરી શકેલ નથી. સમગ્ર રીતે પુરાવાનું મૂલ્યાંકન કરતા ડીસ્કવરી પંચનામા સિવાય કોઈપણ સાહેદને આરોપીની ખબર નથી તે સિવાય આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી બીજી કોઈ માહીતી રેકર્ડ પર આવતી નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૨૫ મુજબ આરોપીએ પોલીસ રુબરુ આપેલ કબુલાતનું પુરાવાકીય કોઈ મૂલ્ય નથી. આ સંજોગોમાં ફરિયાદી પક્ષ તરફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતા કોઈપણ સાહેદે મરણ જનારની સાથે છેલ્લે મરણ જનારનુ ખુન થયેલ તે પહેલાં ૨૪ કલાક કે ૪૮ કલાક પહેલાં સાથે જોયેલ હોય કે તે પહેલાં સાથે જોયેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવતી નથી. વધુમાં જયારે આરોપીની અટક કરવામાં આવી ત્યારે તેઓ કયાંથી અને કઈ રીતે મળી આવ્યા અને તેઓ મરણ જનાર જયારે મરણ ગયેલ તેના ૨૪ કલાક કે ૪૮ કલાક પહેલાથી તેઓ મરણ જનાર સાથે બનાવ જગ્યાએ હાજર હતા

કે કેમ? તે સબંધેનો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેમજ તપાસ કરનારે આરોપી બનાવ સમયે કોઈ મોબાઈલ વાપરતા હતા કે કેમ ? અને જો વાપરતા હતા તો આવો કોઈ મોબાઈલ કબજે કરેલ નથી કે તેઓના મોબાઈલના ટાવર લોકેશન મેળવી આ કામે રજુ કરેલ નથી. તેમજ તપાસ કરનારે પણ તેઓના પુરાવામાં કબુલ કરેલ છે કે, આક્ષેપીત ગુનાના કામે આરોપીની કબુલાત સિવાય બીજા કોઈ પુરાવા આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવા તેઓને મળી આવેલ નથી. વધુમાં ડોકટરનો પુરાવો જોતા મરણ જનારનુ મૃત્યુ છે તે કુદરતી રીતે થયેલ નથી અને તેઓને થયેલ મૃત્યુ પહેલાની ઈજાના કારણે શોક લાગવાથી થયેલાની હકીકત રેકર્ડ પર આવેલી છે. પરંતુ આવી ઈજાઓ એક માત્ર આરોપી અને આરોપી જ કરેલી છે તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવતી નથી. તેમજ ડોકટરે તેમના પુરાવામાં સ્વીકારેલ છે કે તેઓને બતાવેલ દંડાથી અથવા તો કોઈ બોથડ પદાર્થથી આવી ઈજાઓ થઈ શકે આમ મેડીકલ ઓફિસરનો એવો કોઈ જ પુરાવો નથી કે મરણ જનારને જે ઈજા થયેલી છે તે તેઓને બતાવવામાં આવેલ દંડાથી જ થયેલ છે. વધુમાં આ કામે ઉપયોગમાં લેવાયેલ દંડો છે તે આરોપીએ તપાસ કરનારને તેઓએ જે જગ્યાએ બનાવ બાદ સંતાડેલ તે જગ્યાએથી શોધીને આપેલાની અને તે પંચનામાની વિગતે કબજે કરેલ છે. જયારે આ કામે રીકવરી / ડીસ્કવરીના પંચ સાહેદોનો પુરાવો જોતા તેઓ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન કરતા નથી. આમ આક્ષેપતી ગુનાના કામે જે દંડો પોલીસે કબજે કરેલ છે તે આ કામના આરોપીએ જ પંચનામાની વિગતે શોધી આપેલ છે તે બાબત પણ પંચ સાહેદના પુરાવાથી સાબીત થતી નથી. આમ જયારે આરોપી પાસેથી દંડો મળી આવેલાની વિગત જ સાબીત થતી નથી તો આરોપી સામે જે જી.પી. એ.ક. ૧૩૫ મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે તે ટકવા પાત્ર બને નહી. આમ ઉપરોકત કરેલી વિગતેની ચર્ચા જોતા

ફરિયાદ પક્ષ હાલના આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સદતર નિષ્ફળ નિવડેલા છે અને ફરિયાદી પક્ષે તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જરુરત પરિપુર્ણ કરેલ નથી અને તે સંજોગોમાં મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ તે રીતે નકારમાં આપી મુદા નં.૩ સબંધે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૧. આ કામના આરોપી મહેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ ઉર્ફેપરચુરણ સોમાભાઈ સોલંકી ( સેનવા)ઉ.વ. ૪૧, હાલ રહે. નિધરાડ ગામના રેલ્વે ફાટક પાસે આવેલ ખુલ્લા ખેતરમાં, મુળ રહે. પીપળ, રામનગર, તા.સાણંદ, જી. અમદાવાદનાઓને સાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૨૦૫૦૨૨૦ ૧૨૫/૨૦૨૨ ઈ.પી.કો.કલમ- ૩૦૨, તથા જી.પી.એ.ક. ૧૩૫(૧) અન્વયેના તહોમત અન્વયે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૫ (૧)ની જોગવાઈ ને આધિન રહીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭(એ) મુજબ, અપીલ કોર્ટમાં હાજર રહેશે તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના રૂા.૧૫,૦૦૦/ - (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે. અને તે આજરોજ રજુ કરવા અને જામીન દિન-૭(સાત)માં રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

District & Sessions Court Ahmedabad(Rural) सत्यमेव जयते

૩. અપીલ સમય બાદ મુદ્દામાલ પાવતી નંબર–(૧)મુ.પા. નં.UD/0022/2022/MP/0001 તથા મુ.પા. નં.UD/0022/2022/MP/0002 માં જણાવ્યા મુજબનો બીન કિંમતી મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો.

૪. આરોપી જેલમાં હોય અપીલ જામીન રજુ કર્યેથી જેલ મુકત કરવા જરુરી રીલીઝ વોરંટ કાઢવુ.

આ હુકમની એક નકલ આરોપીની જાણ સારુ જેલ ઓથોરીટીને ઈ મેઈલથી મોકલી આપવી.

આ ચુકાદો આજ રોજ તા. ૨૬મી માહે નવેમ્બર સને ૨૦૨૪ ના રોજ અમદાવાદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એમ. સાચાણી)
છઠ્ઠા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ,
અમદાવાદ(રુરલ)અમદાવાદ.
જી.જે. ૦૦૫૭૫

તારીખ:૨૬/૧૧/૨૦૨૪
( એસ.ટી. શ્રીમાળી)
પી.એસ.